RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 250* Date: 07.07.2022 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ગીર સોમનાથમાં આભ ફાટ્યું

## સુત્રાપાડામાં ૧૨ અને કોડીનારમાં ૯ ઇંચ, ભારે વરસાદથી ગામ અને ખેતરો બેટમાં ફેરવાયાં



જૂનાગઢ,તા.૭

ગીર સોમનાથ જિ?લામાં આભ ફાટ્યું છે. જિલ્લામાં ગત રાત્રિથી મેઘરાજા ઓળઘોળ થયા હોય એમ અનરાધાર હેત વરસાવનું શરૂ કર્યા બાદ સવાર સુધીમાં સાંબેલાધાર વરસાદ વરસાવી દેતાં પાણી પાણી કરી દીધું હતું. એમાં સુત્રાપાડામાં સાત કલાકમાં ૧૨ ઈંચ, કોડીનારમાં સાતેક કલાકમાં ૯ ઈંચ અને વેરાવળ-સોમનાથમાં છ કલાકમાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. એને પગલે સુત્રાપાડા અને કોડીનાર શહેર તથા પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. તો ભારે વરસાદને પગલે વેરાવળ-કોડીનાર વચ્ચે પેઢાવાડા પાસે હાઈવેનાં કામ અંર્તગત કઢાયેલા રસ્તાઓ સોમત નદીના પૂરના પાણીમાં ગરકાવ થતાં વાહન-વ્યવહાર ખોરવાઇ જતાં બંન્ને તરફ વાહનોની લાઈનો લાગી હતી. તો ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ અને ખેતરો પાણીમાં ગરકાવ થયાં છે.

રાજ્યના હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ ગીર સોમનાથના દરીયાકાંઠે વસેલા વેરાવળ, સુત્રાપાડા અને કોડીનાર તાલુકામાં ગત રાત્રિથી મેઘરાજાએ મુકામ કરી હેત વરસાવવાનું શરૂ કર્યું છે. આ ત્રણેય તાલુકામાં વરસેલા વરસાદની વાત કરીએ તો સૌથી વધુ સુત્રાપાડામાં રાત્રિના શરૂ થયેલી મેઘસવારીએ સવારે ૧૦ વાગ્યા સુધી સાત કલાકમાં ૨૮૦ મિમી (૧૨ ઈંચ), કોડીનારમાં ૨૨૫ મિમી (૯ ઈંચ) અને વેરાવળમાં ૧૨૪ મિમી (૫ ઈંચ) વરસાદ વરસાવી દીધો હતો. જેના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી. તો ખેતરોમાં પાકને જરૂરી એવા ખરા સમયે જ વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી ગઇ હતી. તો કોડીનાર અને સુત્રાપાડા શહેર-પંથકમાં વરસેલા સાંબલેધાર વરસાદના પગલે લોકો અને વાહનચાલકોને અનેક પ્રકારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સુત્રાપાડા શહેર-પંથકમાં ગતરાત્રીના અઢી વાગ્યા આસપાસ મેઘરાજાએ પધરામણી કર્યા બાદ વ્હેલી સવારે સાત વાગ્યા સુધી અનરાધાર વરસાદ વરસ્યો હતો. આ બાદ પણ વરસાદ ધીમી ધારે વરસવાનું ચાલુ જ હતુ. આમ સાત કલાકમાં ૧૨ ઈંચ જેવો વરસાદ વરસી જતા શહેર-પંથકમાં ઠેરઠેર પાણી ભરાઇ ગયા હતા. સુત્રાપાડા પંથકમાં આભ ફાટ્યા જેવા ભારે વરસાદના પગલે ખેતરોમાં પાણી ભરાઇ જતા બેટમાં ફેરવાઇ ગયાનો નજારો જોવા મળતો હતો. પંથકના મટાણા સહિતના અનેક ગામો બેટમાં ફેરવાઇ ગયાના દ્રશ્યો સામે આવ્યા છે. મટાણા ગામને જોડતા બ્રિજ ઉપર વરસાદી પાણી ફરી વળતા વાહન વ્યવહાર અટકી જવાની સાથે ગામની અંદર રસ્તા-શેરીઓમાં નદી વહેતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા હતા. જ્યારે પ્રશ્નાવડા, લોઢવા, સીંગસર સહિતના ગામોની શેરીમાં નદી વહેતી થતા બેટમાં ફેરવાયા જેવો નજારો જોવા મળતો હતો. સુત્રાપાડાનો વાડી વિસ્તાર સહિત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. સુત્રાપાડા તાલુકાના અન્ય ગામોને જોડતા ઉંબરી સહિતના મુખ્ય માર્ગો ઉપર પાણી ભરાતા બંધ થઈ જતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

કોડીનાર પંથકમાં પણ ગતરાત્રીથી જ મેઘરાજા અનરાધાર વરસી રહ્યા છે. જે સવારે પણ અવિરત ચાલુ હતુ. જેના લીધે કોડીનાર શહેર-પંથકમાં સાતેક કલાકમાં ૯ ઈંચ જેટલો વરસાદ વરસી જતા જળમગ્ન જેવી સ્થિતિ અનેક જગ્યાએ જોવા મળી હતી. કોડીનાર શહેરની અનેક સોસાયટીઓ, રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા. તો પંથકના દરીયાકાંઠાના મુળદ્વારકા, માલાશ્રમ સહિતના ગામોની અંદર નદીઓ વહેતી થઇ હતી. તો અનેક લોકોના ઘરોમાં પાણી ઘુસી જતા ગ્રામજનો હેરાન પરેશાન થયા હતા.

આજના ભારે વરસાદના પગલે નિર્માણાધીન વેરાવળ-કોડીનાર નેશનલ હાઇવે ઉપર મોરડિયા અને પેઢાવાડા ગામની વચ્ચે પુલનું કામ ચાલી રહ્યુ હોવાથી કાઢવામાં આવેલું ડાયવર્ઝન સોમત નદીમાં આવેલા પૂરના ધસમસતા પાણીમાં ગરકાવ થઇ ગયું હતું. આ ધસમસતા પૂરના પાણીમાં ડાયવર્ઝન ધોવાઇ ગયું હતું. જેના પૂરથી જોખમી રીતે પસાર થઇ રહેલા મોટા વાહનો પૈકી ટ્રક ફસાઇ ગયાના દ્રશ્યો સામે આવ્યા હતા. આમ હાઈવેના પુલનું કામ સમયસર પુર્ણ ન કરવાની નેશનલ હાઈવેની ઘોર બેદરકારીનો ભોગ વાહનચાલકોને સહન કરવાનો વારો આવ્યો હતો. રાજ્યમાં ભારે વરસાદના કારણે ૧૩૭ વિજપોલ ધરાશાયી થતા સૌરાષ્ટ્રના ૬૩ જેટલાં ગામડાઓમાં અંધારપટ છવાઈ ગયો છે. ભારે પવન સાથે અનેક વીજપોલ ધરાશાયી થયા છે. વીજવિભાગ દ્વારા વીજપુરવઠો ઝડપી કાર્યરત કરવા માંગ કરવામાં આવી છે.

## વાસુસેનાના ઇતિહાસમાં પહેલીવાર પિતા-પુત્રીની જોડીએ ફાઇટર જેટ ઉડાવ્યું

### વર્ષ ૨૦૧૬ માં ભારતીય વાયુસેનામાં પહેલીવાર ૩ મહિલા ફાઈટર પાયલોટ સામેલ થઈ હતી

નવીદિલ્હી,તા.૭

ભારતીય વાસુસેનામાં કંઈક એવું થયું છે જે પહેલાં ક્યારેય થયું નથી. એક પિતા અને પુત્રીની જોડી પોતાની ખાસ ઉપલબ્ધિના લીધે ચર્ચામાં છે.

ફલાઈંગ ઓફિસર અનન્યા શર્માએ પોતાના પિતા ફાઈટર પાયલોટ સાથે ઉડાન ભરનાર પ્રથમ મહિલા ભારતીય પાયલોટ બની ગઈ છે. ભારતીય વાયુસેનાના હોક ૧૩૨ એરક્રાફ્ટ ઉડાન ભરનાર પ્રથમ પિતા-પુત્રીની જોડી છે. પોતાના પિતાના પદચિન્હો પર ચાલનાર અનન્યા શર્માએ એવી ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે જેના પર તેમના પિતાને પણ ગર્વ છે.



એર કમાંડર સંજય શર્મા અને તેમની પુત્રી અનન્યા શર્માએ ૩૦ મેના રોજ આ ઉડાન ભરી. ભારતીય વાયુસેનામાં આ પહેલી તક છે અને પિતા-પુત્રીની જોડીએ ઈતિહાસ રચ્યો છે. ભારતીય વાયુસેનાના અનુસાર કર્ણાટકના બીદરમાં એક હોક- ૧૩૨ એરક્રાફ્ટ સાથે ઉડાન ભરી. સોશિયલ મીડિયા પર પિતા અને પુત્રીની તસવીરો વાયરલ થઈ રહી છે.

અનન્યા શર્માએ બાળપણથી પોતાના પિતાને ભારતીય વાયુસેનામાં ફાઈટર પાયલોટ તરીકે જોયા. તેમની બીજા પાયલોટ જેવી બોન્ડીંગને જોઇ. ભારતીય વાયુસેનાના આ માહોલમાં ઉછરેલી અનન્યાએ કોઇ બીજી નોકરીની કલ્પના પણ કરી ન હતી. આગળ જતાં તેમણે જે વિચાર્યું તે થયું. આ બધા વચ્ચે કંઈક એવું થયું જે પહેલાં ક્યારેય થયું નહી.

૨૦૧૬ માં આઈએએફ પહેલી મહિલા ફાઈટર પાયલોટની સેવામાં આવ્યા બાદ અનન્યાએ પણ જોયું કે સપના હવે પુરા કરવાની એક સંભાવના છે.

ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશનમાં બીટેક પુરૂ કર્યા બાદ અનન્યાને ભારતીય વાયુસેનાની ઉડાન શાખાની ટ્રેનિંગ માટે સિલેક્ટ કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૨૧ માં એક ફાઈટર પાયલોટના રૂપમાં કમીશન આપવામાં આવ્યું. અનન્યાના પિતા એર કમાન્ડર સંજય શર્માને ૧૯૮૯ માં આઈએએફના ફાઈટર સ્ટ્રીમમાં કમીશન કરવામાં આવ્યા હતા. તેમને લડાકૂ અભિયાનોનો વ્યાપક અનુભવ છે.

વર્ષ ૨૦૧૬ માં ભારતીય વાયુસેનામાં પહેલીવાર ૩ મહિલા ફાઈટર પાયલોટ સામેલ થઈ. વર્ષ ૨૦૧૫ ઓક્ટોબર મહિનામાં ભારત સરકારે ભારતીય વાયુસેનામાં મહિલા લડાકૂ પાયલોટોને સામેલ કરવાની મંજૂરી આપી હતી. ૧૯૯૧ થી જ વાયુસેનામાં મહિલા હેલિકોપ્ટર અને ટ્રાંસપોર્ટ એરક્રાફ્ટ ઉડાવતી આવી છે પરંતુ તેને લડાકૂ વિમાનોથી દૂર રાખવામાં આવી હતી.

## રાંધણ ગેસના બાટલામાં કમરતોડ વધારો, સિલિન્ડર ૫૦ રૂપિયા મોંઘુ

નવીદિલ્હી,તા.૭

એલપીજી સિલિન્ડરની કિંમતમાં ઓઈલ કંપનીઓ તરફથી કમરતોડ વધારો કરવામાં આવ્યો છે. કંપનીઓએ ૬ જુલાઈની સવારે ઘરેલુ ગેસ સિલિન્ડર ૫૦ રૂપિયા મોંઘુ કરી દીધુ છે. આ સાથે જ દિલ્હીમાં ગેસ સિલિન્ડરની કિંમત વધીને ૧૦૫૩ રૂપિયા પર પહોંચી ગઈ છે.

આ ઉપરાંત કોલકાતામાં ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત ૧૦૭૯, મુંબઈમાં ૧૦૫૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૧૦૬૮.૫૦ રૂપિયા થઈ ગઈ છે. ગુજરાતમાં ૧૪.૨ કિલો સિલિન્ડરના હવે ૧૦૫૦ રૂપિયા ચૂકવવા પડશે.

એકબાજુ ઘરેલુ રાંધણ ગેસનો બાટલો મોંઘો થયો તો કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ઘટાડો થયો છે. આ અગાઉ પણ એક જુલાઈના રોજ ઓઈલ કંપનીઓ તરફથી કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૧૯૮ રૂપિયાનો મસમોટો ઘટાડો કરાયો હતો. ત્યારબાદ આશા સેવાઈ રહી હતી કે આવનારા સમયમમાં ઘરેલુ ગેસ સિલિન્ડર પણ સસ્તો થશે. પરંતુ હવે કંપનીઓએ કિંમત વધારીને જનતાને ઝટકો આપ્યો છે.

૧ જુલાઈના રોજ દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ ઘટીને ૨૦૨૧ રૂપિયા થયા હતા. હવે આજે ૮.૫૦ રૂપિયાનો ફરીથી ઘટાડો થતા ભાવ ૨૦૧૨.૫૦ રૂપિયા થઈ ગયો છે. એ જ રીતે કોલકાતામાં ૧૯ કિલોનો કોમર્શિયલ સિલિન્ડર ૨૧૩૨ રૂપિયામાં મળશે. મુંબઈમાં ૧૯૭૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૨૧૭૭.૫૦ રૂપિયા ભાવ થઈ ગયો છે. આ અગાઉ ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં છેલ્લે ૧૯ મેના રોજ ફેરફાર થયો હતો.

એક જુલાઈ પહેલા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં પહેલી જૂનના રોજ ૧૩૫ રૂપિયાનો ઘટાડો કરાયો હતો. આ જ રીતે છેલ્લા ૩૫ દિવસ દરમિયાન કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૩૦૦ રૂપિયા કરતા પણ વધુનો ઘટાડો થયો છે. (મે મહિનામાં સિલિન્ડરના ભાવ વધીને ૨૩૫૪ રૂપિયા થઈ ગયા હતા.)

## ભગવંત માન સરકારે રાજયમાં પેટ્રો-ફ્લીટ કાર્ડની સુવિધા શરૂ કરવાનો નિર્ણય કર્યો

ચંડીગઢ,તા.૭

ચંદીગઢઃ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સરકાર દ્વારા કેબિનેટ મંત્રીઓને ફાળવવામાં આવેલા વાહનો માટે પેટ્રો કાર્ડ અથવા ફલીટ કાર્ડની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ સંદર્ભે નાણા વિભાગે પેટ્રો કાર્ડ/ફલીટ કાર્ડની સુવિધા શરૂ કરવાની મંજૂરી આપી છે. રાજયના વાહનવ્યવહાર કમિશનરની કચેરી વતી મંત્રીઓની સાથે જતા ડ્રાઈવરોને પણ સૂચનાઓ આપવામાં આવી છે.કમિશનર કચેરી દ્વારા કેબિનેટ મંત્રીઓના ડ્રાઈવરોને આપવામાં આવેલી સૂચનામાં પેટ્રોલ પંપ પર પેટ્રો કાર્ડની સુવિધા ઉપલબ્ધ હોય ત્યારે જ વાહનમાં પેટ્રોલ ભરાવવાનુ કહેવામાં આવ્યુ છે. આ સાથે પેટ્રોલ પંપ પરથી મળેલી કમ્પ્યુટરાઈઝ સ્લીપ પર વાહનનો નંબર ફરજીયાતપણે લખવાનો રહેશે. આ ઉપરાંત તમારી પેટ્રોલ અથવા ડીઝલ બિલની લૉગબુક ભર્યા પછી દર મહિનાની ૫ તારીખ સુધીમાં પંપમાંથી મળેલી બંને સ્લિપ, કમ્પ્યુટરાઈઝ્ડ અને મેન્યુઅલ, સંપૂર્ણ રીતે પૂર્ણ અને ખરાઈ કરીને સબમિટ કરો અને સમરી શીટ પર પૈસા સાથે રકમ લખો.ડ્રાઈવરોને કહેવામાં આવ્યુ છે કે જો કોઈ પણ મહિનાનુ બિલ નિયત તારીખ સુધીમાં જમા નહિ કરાવે તો પેટ્રો કાર્ડ બ્લૉક કરી દેવામાં આવશે અને પેટ્રો કાર્ડ ખોવાઈ જવાના કિસ્સામાં ડ્રાઈવર પાસેથી પૈસા જમા કરાવવામાં આવશે. વાહનચાલકોને પણ નિયત મર્યાદા કરતા વધુ ઈંધણ ન નાખવા સૂચના આપવામાં આવી છે. આમ કરવાની જવાબદારી ડ્રાઈવરની રહેશે. આ સાથે સારાંશ પત્રક પરની તમામ માહિતી જેમ કે ડ્રાઈવરનુ નામ, મોબાઈલ નંબર, ટ્રેન નંબર અને વાહનના એલોટી મંત્રીનુ નામ અને મીટર રીડિંગ શરૂઆતથી અંત સુધી સાચી અને સ્પષ્ટ રીતે ભરેલી હોવી જોઈએ અને ડ્રાઈવરની સહી અને બટાલિયન નંબર પણ લખેલો હોવો જોઈએ.

## કુલુમાં વાદળ ફાટ્યું,બે લોકોના મોત, દિલ્હીમાં એલર્ટ, મુંબઈમાં ઠેર ઠેર પાણી ભરાયા

નવીદિલ્હી,તા.૭

સમગ્ર દેશમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. આગામી ચાર દિવસ સુધી ભારે વરસાદની પણ શક્યતા છે. જેના કારણે પહાડોથી લઈને દરિયાકાંઠાના વિસ્તારો સુધી ભારે મુશ્કેલી પડી રહી છે. કુલુમાં વાદળ ફાટવાને કારણે નાળું છલકાઈ ગયું હતુ. ઘણા લોકો તણાઈ ગયા હોવાની આશંકા છે. સુત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધી બે લોકોના મોત નિપજયા છે. કુલુ જિલ્લામાં રાતથી પડી રહેલા ભારે વરસાદને કારણે ઘણી જગ્યાએ નુકસાન થવાની માહિતી છે. મણિકર્ણ ઘાટીમાં ચોજ નાળામાં ભારે વરસાદને કારણે પૂર આવ્યું છે, જેના કારણે રેસ્ટોરન્ટ અને પાર્વતી નદીના કિનારે બનેલા ઘણા ઘરો તણાઈ ગયા હોવાના અહેવાલ છે. આ અકસ્માતમાં કેટલાક લોકોના મોત પણ થયા હોવાની આશંકા છે. જયારે, શિમલા જિલ્લાના રામપુરમાં પણ ભારે વરસાદ પછી ભૂસ્ખલનને કારણે નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો હતો.

વરસાદના કારણે મુંબઈ-દિલ્હીમાં પણ સ્થિતિ ખરાબ થઈ ગઈ છે.

દિલ્હી, મુંબઈ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, કેરળમાં ગાજવીજ સાથે વરસાદ પડી રહ્યો છે. દિલ્હીમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દેશના વિવિધ ભાગોમાં વરસાદની સ્થિતિ જુઓ...

પૂર્વ મુંબઈમાં ૫૮.૬ મીમી, પશ્ચિમ ભાગમાં ૭૮.૬૯ મીમી વરસાદ નોંધાયો હતો. આગામી ૪૮ કલાકમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. અનેક જગ્યાએ પાણી ભરાવાને કારણે વાહનવ્યવહારને અસર થઈ છે. કેટલાક વિસ્તારોમાં બસ અને લોકલ ટ્રેનોને અસર થઈ છે. મંગળવારે પણ દરિયામાં ઊંચા મોજા ઉછળ્યા હતા. ૪ થી ૬ મીટર ઉંચા હાઈટાઈડનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને લોકોને બીચથી દૂર રહેવા જણાવ્યું છે.

રાજસ્થાનમાં ચોમાસું મોડું પહોંચ્યું છે, પરંતુ મોટાભાગના જિલ્લાઓમાં સામાન્ય કરતાં વધુ વરસાદ નોંધાયો છે. ચોમાસાએ પહેલા ચાર દિવસમાં જ જયપુરને તરબોળ કરી દીધું હતું.

## તંત્રી સ્થાનેથી...

# છીછરું રાજકારણ




*ઉદયપુરમાં કન્હૈયાલાલના હત્યારાઓમાંથી એક મોહંમદ રિયાઝનો ફોટો ભાજપના સ્થાનિક નેતાઓ સાથે દેખાવાના આધાર પર કોંગ્રેસે જે રીતે એ અભિયાન છેડી દીધું છે કે તે ભાજપનો સદસ્ય હતો, તે હલકી રાજનીતિનું જ ઉદાહરણ છે. સમસ્યા ફક્ત એ નથી કે કન્હૈયાલાલના હત્યારાને ભાજપનો સદસ્ય સાબિત કરવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે, બલ્કે એ પ્રશ્ન પણ ઉછાળવામાં આવી રહ્યો છે કે ક્યાંક આ જ કારણે તો આ કેસની તપાસ તાબડતોબ એનઆઈએને સોંપી દેવાઈ નથી ને? સ્પષ્ટ છે કે કોંગ્રેસ તરફથી એમ કહેવાની ચેષ્ટા કરાઈ રહી છે કે એનઆઈએ દ્વારા તપાસને પ્રભાવિત કરવા કે પછી આ કથિત સત્યને છૂપાવવાની કોશિશ કરવામાં આવશે કે કન્હૈયાલાલનો હત્યારો ભાજપનો સદસ્ય હતો. કંઈક આવી જ કોશિશ જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં પકડાયેલા લશ્કરના આતંકી તાલિબ હુસૈનને લઈને પણ કરાઈ રહી છે. આતંકી તાલિબે પત્રકાર તરીકે સક્રિય થઈને ભાજપી નેતાઓ સાથે સંપર્ક-સંવાદ વધાર્યો અને પછી ઈન્ટરનેટ મીડિયા પર પાકિસ્તાન વિરુદ્ઘ ટિપ્પણીઓ કરીને તેનો ભરોસો જીત્યો. ત્યારબાદ તે ભાજપના અલ્પસંખ્યક મોરચાના આઈટી સેલનો પ્રભારી બની ગયો. થોડા સમય બાદ તે નિષ્ક્રિય થઈ ગયો અને તેણે ભાજપમાંથી રાજીનામું પણ આપી દીધું.*

*એ માનવાનાં સારાં એવાં કારણ છે કે તાલિબ કોઈ ષડયંત્ર અંતર્ગત પત્રકાર બનીને ભાજપમાં સક્રિય થયો હશે. જમ્મુ-કાશ્મીરમાં આ કોઈ નવી વાત નથી. અહીં તો પ્રશાસનમાં પણ આતંકીઓના સમર્થક મળી આવે છે. એવા પણ કેટલાય કિસ્સા જોવા મળ્યા છે, જેમાં પોલીસકર્મી સરકારી હથિયાર લઈને આતંકીઓ સાથે ભળી ગયા હોય. એ સાચું કે ભાજપે કોઈને પોતાનો સભ્ય બનાવતાં પહેલાં સાવધાની રાખવી જોઈએ, પરંતુ એ વાત તો અન્ય પક્ષો પર પણ લાગુ થાય છે. આખરે આ કોઈ પહેલો પ્રસંગ નથી, જ્યારે કોઈ અપરાધિક તત્ત્વ કોઈ પક્ષમાં ઘૂસ્યો હોય કે પછી જાહેર કાર્યક્રમોમાં નેતાઓ સાથે ફોટો પડાવીને ખુદને તેમના નજીક હોવા તરીકે પ્રચારિત કરવાની કોશિશ ન કરી હોય. આપણા દેશમાં કોઈપણ નેતા સાથે ફોટો પડાવીને તેનો દુરુપયોગ કરી શકે છે. એવા તત્ત્વોના આધાર પર રાજકીય પક્ષને જ કઠેરામાં ઊભો કરવો અને ત્યાં સુધી કે તેના આતંકી ઘટનાઓમાં સંડોવાયેલો ગણાવવો ન માત્ર બેજવાબદાર, બલ્કે છીછરી રાજનીતિ છે. આ પ્રકારની હલકી રાજનીતિ આતંક સામે લડાઈને કમજોર કરવાનું જ કામ કરશે, જ્યારે આજે જરૂરિયાત એ વાતની છે કે ઉદયપુર, અમરાવતી જેવી હૃદયદ્રાવક અને દેશને આતંકિત કરનારી ઘટનાઓના એક સૂરે નિંદા કરવી જોઈએ.*

# શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા બકરી ઈદ નિમિતે જીવરક્ષા અભિયાન

ભગવાન શ્રી મહાવીર સ્વામીની કરૂણા જગતના સર્વ જીવો પ્રત્યે વહેતી આવી છે. સર્વ જીવ સૃષ્ટિના રક્ષણનો બોધ જેમણે આપ્યો છે તેવા શ્રી મહાવીર સ્વામીના ઉપદેશનું આંશીક અનુસરણ કરવા શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા બકરી ઈદ નિમીતે જીવરક્ષા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગયા વર્ષે દાતાઓની અંતરની અનુમોદના જેમના સહયોગથી નાના—મોટા ૫૫૦૦ થી વધારે જીવોને જીવતદાન આપવામાં આવેલ. જે એક જીવનો નિભાવ ખર્ચ રૂા. ૪૦૦૦/– થાય છે. બકરી ઈદ નિમીતે છોડાવેલ જીવોને પાંજરાપોળમાં તેમનો નિભાવ તેમજ અભયદાનનો લાભ આપી શકો છો. ૧૧ જીવ નો ખર્ચ રૂા. ૪૪,૦૦૦/-, ૨૭ જીવનો ખર્ચ ૧,૦૮,૦૦૦/–, ૫૧ જીવનો ખર્ચ ૨,૦૪, ૦૦૦/– થાય છે.




જીવ છોડાવવા માટે શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ, કોટક મહિન્દ્રા બેંક લી., એસવીપી શાખા, મુંબઈ-૪૦૦૦૦૪, કરન્ટ એકાઉન્ટ ન.૨૫૧૩૧૧૭૪૧૧, આઈ.એફ.એસ.સી. કોડ- KKBK0000666 માં ડાયરેક્ટ બેંકમાં પણ રકમ જમા કરાવી શકો છો. બકરી ઈદ નિમીતે જીવરક્ષા અભિયાન અંગેની વિશેષ માહિતી માટે જયેશભાઈ શાહ(જરીવાલા) (મો.૯૯૨૦૪ ૯૪૪૩૩), હિતેશભાઈ સંઘવી (મો.૯૮૭૦૦ ૪૩૨૭૨), મનીષભાઈ (મો.૯૮૨૦૦ ૪૩૪૨૧), અશોકભાઈ (મો.૯૮૨૦૨ ૭૪૬૨૦), હિમાંશુભાઈ (મો.૯૩૨૩૦૨૭૧૧૭), સિધ્ધાર્થભાઈ (મો. ૯૮૨૦૫ ૨૩૫૬૮) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ગુરૂ વચનામૃત...

## પ્રભુના અહેસાસથી જ કર્મ પવિત્ર બને છે


સદગુરૂ માતા સુદીક્ષાજી

સંતુષ્ટિ અને તૃપ્તિનો એકમાત્ર રસ્તો છે:પ્રભુનું જ્ઞાન.પ્રભુના અહેસાસથી જ કર્મ પવિત્ર બને છે.પ્રભુને નજીક જાણવા છતાં ગૂનો કરવો તે ઉંચી ઈમારત ઉપરથી છલાંગ લગાવવા બરાબર છે.આ સૃષ્ટિના કર્તા હર્તા અને ભર્તા પ્રભુ છે તેમની પ્રાપ્તિ જ જીવનનો ધ્યેય છે.નિષ્કામ ભક્તિ એ જ સાચી પ્રભુની ઉપાસના છે.પ્રભુ પરમાત્મા સત છે ચેતન છે આનંદ સ્વરૂપ છે, તે સંતોષનો મહાસાગર છે.જે માનવના મનમાં આ નિરાકાર પ્રભુ પરમાત્મા વસી જાય છે તે હંમેશાં સંતોષી બની જાય છે.

મહાત્માઓ પ્રભુની વ્યવસ્થાને પૂર્ણ માને છે એટલે કે તેમના ઉપર હર્ષ-શોકનો પ્રભાવ પડતો નથી. માનવજીવનનો મુખ્ય ઉદેશ્ય સર્વવ્યાપી..સર્વજ્ઞ..સર્વ શક્તિમાન..નિરાકાર પ્રભુ પરમાત્માને જાણવા તથા બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો છે.આ દિવ્યજ્ઞાન માનવજીવનમાં સમરસતા લાવે છે, જીવનને સુખી બનાવે છે,પરમાનંદ પ્રદાન કરે છે.દરેકના જીવનમાં ઉતાર-ચઢાવ..સુખ-દુઃખ તો આવવાનાં જ ! પરંતુ તે કર્તા હર્તા પ્રભુને માનીને તેની રજામાં રાજી રહેવાથી જ જીવનમાં સંતોષ આવે છે.જે આશા-તૃષ્ણાઓથી ભરેલા છે તે સાચું સુખ પ્રાપ્ત કરી શકતા નથી.સદગુરૂના પ્રત્યે આત્મ સમર્પણ વિના પ્રભુની અનુભૂતિ સંભવ નથી.

સમજી પ્રભુને હર ઘટ અંદર સૌ માનવથી પ્રેમ કરો, સમજી પ્રભુને હર ઘટ અંદર આદર અને સત્કાર કરો, ગુણ એ કેવળ એકના ગાયે એક તણો આધાર ધરે.. જેને પ્રભુના દર્શન કીધા, એને તમે નમસ્કાર કરો, એમની અંદર પ્રભુ બોલે છે, એમનો તમે સત્કાર કરો.જેમને આ જવાબદારી અમોને આપી છે તે પ્રભુ પરમાત્માને જાણવા એ આપણી ફરજ છે.તેમને જાણ્યા વિના કરવામાં આવેલ તમામ કર્મ દુ:ખનાં કારણ છે. અમારૂં ખાવું-પીવું,પહેરવું-ઓઢવું તથા કુટુંબ-પરીવાર..વગેરે તમામ ધિક્કારલાયક છે સુંદરતા એ પ્રભુની વિભૂતિ છે પરંતુ જ્યાં પાવિત્ર્ય છે ત્યાં વાસના ઉભી થતી નથી.હંમેશાં ભોગમાં સૌદર્યનો નાશ થાય છે અને ભક્તિમાં સૌદર્યનું સાતત્ય છે.

વિદ્રાનોએ આ શરીરને પાણીના પરપોટા જેવું ક્ષણભંગુર તેમજ નાશવાન બતાવ્યું છે.એક ક્ષણ પછી આ જીવન રહેશે કે કેમ? તેનું કોઇ પ્રમાણ નથી એટલે કે તમામ પ્રાણીઓનું જીવન પ્રતિક્ષણ વિનાશની તરફ જઇ રહ્યું છે એટલે મનુષ્યએ નિરંતર પ્રભુ પરમાત્માનું જ ચિંતન કરવું.ધર્મકાર્ય-સત્કાર્યને કાલ ઉપર કયારેય ના છોડવું.કાલે કરવાનું કામ આજે જ કરી નાખવું કારણ કે મૃત્યુ એ નથી જોતું કે તેનું કામ હજુ પુરૂં થયેલ નથી.માનવ ભાવિ આયોજનો કરતો રહે છે અને મૌત તેને લઈને ચાલ્યું જાય છે.મન અત્યંત ચંચળ છે.આ ક્ષણે તે જે વિચાર કરે છે, બીજી જ ક્ષણે તે બદલાઇ જાય છે એટલે જે ક્ષણે સારો વિચાર આવે તેને તે જ ક્ષણે કાર્યરૂપ આપી સંપન્ન કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરવો જોઇએ.

સદગુરૂના આદેશ-ઉપદેશને માનનાર,તેમના આદેશ મુજબ આચરણ કરનાર ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને તેમાં લીન થઇ જાય છે.ગુરૂ વચનોની સહાયતાથી તેને કાળનો ભય રહેતો નથી.જયાંસુધી સદગુરૂની શરણાગતિ લેવામાં આવતી નથી ત્યાંસુધી પ્રભુ મિલનની વાતો ફક્ત કોરી કલ્પના જ છે.જેનાથી પ્રભુ પ્રસન્ન થાય તે કર્મ અને જેનાથી પ્રભુમાં બુદ્ધિ પરોવાય તે જ્ઞાન.

જે સાચા ભક્તો એ પ્રભુની ઓળખાણ કરી લીધી છે અને ત્યારબાદ પ્રભુની મહિમાનું ગાન કરે છે તે યોનિચક્રથી બચી જાય છે તે હંમેશના માટે મુક્ત થઇ જાય છે.ઈશ્વર પ્રભુ પરમાત્માનું કોઇ રૂપ રંગ આકૃતિ કે આકાર નથી તેથી સ્પષ્ટ છે કે પ્રભુ નિરાકાર છે. આ નિરાકાર પ્રભુ પરમાત્માનાં દર્શન ફક્ત સદગુરૂ જ કરાવી શકે છે.સંસારમાં લાખો દાની છે પરંતુ સદગુરૂ જેવો કોઇ દાતા નથી.સદગુરૂ કૃપા વિના હરિ મિલન સંભવ નથી.

માનવ ઈશ્વરને શોધવામાં પોતાનું જીવન વ્યર્થ બરબાદ કરે છે તેમછતાં ઈશ્વરની પ્રાપ્તિ કરી શકતો નથી.સદગુરૂ સમર્થ હોય તો તે ક્ષણભરમાં નિરાકાર પ્રભુ પરમાત્માનો બોધ કરાવી દે છે.જ્યારે સદગુરૂની કૃપા થાય છે તો પ્રભુની પ્રતીતિ થાય છે,પ્રતીતિ પછી જ પ્રભુની સાથે પ્રીતિ થાય છે.

સર્વવ્યાપી નિરાકાર પ્રભુ જ સત્ય છે.સત્ય એ જ પરમાત્મા છે.માનવના અંતઃકરણમાં આ પ્રભુનો જ નિવાસ છે.આત્મા પરમાત્માનો જ સનાતન અંશ છે.આ મહાનતમ અનુપમ સત્તાની ઝલક સદગુરૂને પ્રસન્ન કર્યા વિના મળતી નથી.જેવી રીતે દિપક વિના અંધકાર દૂર થતો નથી,ગંદાં કપડાં સાબુ વિના સાફ થતાં નથી,અધ્યાપક વિના શિક્ષણ પ્રાપ્ત થઇ શકતું નથી,માર્ગદર્શક વિના ગન્તવ્ય સ્થાન સુધી પહોચી શકાતું નથી, જેવી રીતે શરીરને સ્વચ્છ બનાવવા માટે સ્નાન કરવું આવશ્યક છે તેવી જ રીતે દિવ્યજ્ઞાનની પ્રાપ્તિના માટે સદગુરૂની શરણમાં જવું પરમ આવશ્યક છે.

પ્રભુ પરમાત્મા અમારી તથા સમગ્ર સૃષ્ટિની સત્તા છે.અમે બૂંદ છીએ અને પ્રભુ પરમાત્મા સાગર છે. બૂંદ જ્યારે સાગરમાં ભળી જાય છે તો પછી તે બૂંદ ક્યાં રહે છે ! બૂંદ સુખી બની જાય છે, મુક્ત બની જાય છે, સાગર બની જાય છે.આમ સાગર પણ છે અને બૂંદ પણ છે તેથી બૂંદની મુક્તિ નિશ્ચિત છે.આ માટે બૂંદભાવ(જીવભાવ)નો સબંધ સાગર પરમાત્માની સાથે જોડી દેવો પરમ આવશ્યક છે.

આના માટે પ્રભુ પરમાત્માના જ્ઞાનની આવશ્યકતા છે.પૂર્ણ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સમરથ સદગુરૂના ચરણોમાં નતમસ્તક થવાથી આ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.જે સમયે આવા સદગુરૂની કૃપાથી પ્રભુ પરમાત્માના દર્શન થઇ જાય છે ત્યારે સાધકમાં વિશાળતા પ્રેમ નમ્રતા સમદષ્ટિ પરોપકાર ભાઇચારાની ભાવના..વગેરે ગુણો પ્રગટ થાય છે.આમ પૂર્ણ સદગુરૂ મળી જાય તો એક ક્ષણમાં પ્રભુ પરમાત્માના દિદાર થઇ જાય છે.જન્મ જન્માન્તરથી કરોડો પાપોથી એક ક્ષણમાં છુટકારો મળી જાય છે.જગતમાંના ખોટા પાખંડી ગુરૂઓના કારણે જ જિજ્ઞાસુઓના ભ્રમો દૂર થતા નથી, વાસ્તવિકતાનો બોધ થતો નથી.

ઘણા લોકોના મનમાં એવો ભ્રમ હોય છે કે પ્રભુ પરમાત્માના પ્રત્યક્ષ દર્શન ક્ષણમાં થઇ શકતા નથી, મુક્તિ મળતી નથી.આ વાતો નિરાધાર અને ભ્રામક છે.મનુષ્યના ઉત્તમ ભાગ્ય હોય તો સમરથ સદગુરૂ મળી જાય છે અને તેમની કૃપાથી પ્રભુના દિદાર થઇ જાય છે.

આપણી ચારે બાજું નિરાકાર પ્રભુ પરમાત્મા વિધમાન છે,તે પહેલાં પણ તારી સાથે હતા.આજે પણ તારી સાથે છે અને હંમેશા તારી સાથે જ રહેવાના છે તેમછતાં ગુરૂની કૃપા વિના તૂં તેને પામી શકતો નથી.જેવી રીતે દર્પણમાં ચહેરો અને દૂધમાં ઘી સમાયેલું છે તેવી જ રીતે આ નિરાકાર પ્રભુ પરમાત્મા આ સૃષ્ટિમાં સમાયેલા છે.તેના માટે સદગુરૂની કૃપાથી જ્ઞાનદષ્ટિ પ્રાપ્ત કરવાની જરૂરી છે અને આ જ દુઃખ નિવારણનો સાચો ઉપાય છે.(નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

વિનોદભાઇ માછી
નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૯૮ અને ચાંદીમાં રૂ.૧૩૨ની નરમાઈ

ક્રૂડ તેલ, નેચરલ ગેસ, કોટન, મેન્થા તેલમાં સાર્વત્રિક સુધારો: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૧૫૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૮૨૧૧ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૫૦ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૬૦,૫૧૧ સોદાઓમાં કુલ રૂ.૨૦,૪૧૬.૦૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૨૧૫૫.૦૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૮૨૧૧.૦૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૯,૩૩૫ સોદાઓમાં કુલ રૂ.૫,૮૮૫.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૩૮૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૫૨૦ અને નીચામાં રૂ.૫૧,૦૫૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૯૮ ઘટી રૂ.૫૧,૧૦૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૦ ઘટી રૂ.૪૦,૯૨૫ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ ઘટી રૂ.૫,૦૯૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૪૪૮ના ભાવે ખૂલી, રૂ.૨૦૧ ઘટી રૂ.૫૧,૧૬૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૯૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૨૭૮ અને નીચામાં રૂ.૫૬,૧૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૨ ઘટી રૂ.૫૬,૭૩૩ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૯૫ ઘટી રૂ.૫૭,૧૭૦ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૯૨ ઘટી રૂ.૫૭,૧૭૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨૧,૧૨૬ સોદાઓમાં રૂ.૩,૨૭૪.૧૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૪૦ ઘટી રૂ.૨૦૫.૯૫ અને જસત જુલાઈ વાયદો રૂ.૧.૨૫ ઘટી રૂ.૨૭૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૮.૮૦ ઘટી રૂ.૬૪૨.૪૫ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ વધી રૂ.૧૭૫ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૭,૪૭૭ સોદાઓમાં કુલ રૂ.૨,૯૫૨.૩૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૮૭૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૦૭૨ અને નીચામાં રૂ.૭,૮૭૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૩૬ વધી રૂ.૭,૯૧૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫.૬૦ વધી રૂ.૪૪૮.૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૪૧ સોદાઓમાં રૂ.૪૩.૦૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન જુલાઈ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૦,૫૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૧,૩૪૦ અને નીચામાં રૂ.૪૦,૫૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૦ વધી રૂ.૪૦,૮૯૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૩૦ વધી રૂ.૧૦૨૧.૭૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૬૧૭.૭૦ કરોડનાં ૫,૦૯૬.૬૧૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૨૬૭.૮૦ કરોડનાં ૫૭૨.૯૪૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૭૨૮.૮૧ કરોડનાં ૨૧,૭૬,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૨૨૪ કરોડનાં ૨૭૩૯૨૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૭.૫૯ કરોડનાં ૬૮૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૫.૪૫ કરોડનાં ૧૫૦.૧૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૪૮૨.૭૮૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૭૮.૫૬૨ ટન, ક્રૂડ તેલમાં ૫૨૬૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૭૧૭૦૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૭૮૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૮૧.૭૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૯.૯૪ કરોડનાં ૭૦૩ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૨૨૮ના સ્તરે ખૂલી, ૫૫ પોઈન્ટ ઘટી ૧૪,૧૫૯ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮,૨૧૧.૦૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૪૮.૪૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૦.૧૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૮૯૨.૭૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૭૮.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૧૪.૧૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જુલાઈ રૂ.૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૩૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૬૭ અને નીચામાં રૂ.૧૨૩.૧૦ રહી, અંતે રૂ.૧૯.૫૦ વધી રૂ.૧૩૭.૯૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૯.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૪.૯૦ અને નીચામાં રૂ.૨૭.૮૦ રહી, અંતે રૂ.૭.૯૫ વધી રૂ.૩૩.૨૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૨ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૧ અને નીચામાં રૂ.૩૨૯ રહી, અંતે રૂ.૫૮ ઘટી રૂ.૩૪૮ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૮૧ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૯૦ અને નીચામાં રૂ.૮૫૦.૫૦ રહી, અંતે રૂ.૦.૫૦ વધી રૂ.૧,૦૨૬ થયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૪૦.૫૦ અને નીચામાં રૂ.૮૧૧ રહી, અંતે રૂ.૬૦.૫૦ ઘટી રૂ.૯૯૨ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૩.૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૮ અને નીચામાં રૂ.૧૨૭.૩૦ રહી, અંતે રૂ.૪૪.૬૦ ઘટી રૂ.૧૭૫.૫૦ થયો હતો.

# મા-બાપ જન્મદાતા છે,આચાર્ય જીવનદાતા છે.




આચાર્ય પોતાના આશ્રિત શિષ્યને મનમાં,વિચારોમાં અને છાયામાં રાખે છે ગુરુના આ ત્રણ ગર્ભસ્થાન છે.

ગુરુ મનમાં રાખે છે એ મહારાત્રિ છે,આંખોમાં રાખે એ શિવરાત્રિ છે અને પોતાની છાયામાં રાખે એ આશ્રિત માટે નવરાત્રિ છે.


ચોથા દિવસની કથામાં બાપુએ કહ્યું કે વેદમાં એક સૂત્ર છે,કદાચ પહેલા પણ આની ચર્ચા કરી છે.અથર્વવેદનું સૂત્ર છે કે જ્યારે ભારતમાં આપણી વૈદિક પરંપરામાં બાળક સાત વર્ષનું થાય ત્યારે યજ્ઞોપવિત-ઉપનયન સંસ્કાર-જનોઈ આપ્યા પછી માતા-પિતા એ બાળકને લઈ અને ગુરુ-આચાર્યની પાસે જાય છે અને બાળકને રાખીને કહે છે કે મારા આ બાળકને આપ્ ત્રણ રાત્રી તમારા ગર્ભમાં રાખજો અમે બાળકને જન્મ આપ્યો અને ૯ મહિના પછી એને પ્રસવ કરાવ્યો.માબાપ જન્મદાતા છે,આચાર્ય જીવનદાતા છે.જનમને જ જીવન ન માની લેતા કારણ કે જન્મ અલગ-અલગ રીતે થતો હોય છે. જન્મ માટે નર અને માદાના સંયોગની જરૂર પડે જ એવું નથી.પશુ,પક્ષી,કીટક અલગ અલગ રીતે જન્મે છે.ઘણા સજીવો પરસેવામાંથી જન્મે જેને સ્વેદજ કહે છે.એ જ રીતે ઘણા સજીવો તેજમાંથી જન્મે છે જેને તેજસ કહે છે.આપણી આસપાસ ઘણા જંતુઓ વર્ષાઋતુના પ્રકાશમાં નીકળે છે.એ જ રીતે કોઈક સજીવ ઈંડામાંથી ઉત્પન્ન થાય છે એને અંડજ કહે છે.દુનિયામાં ભારતે જેટલું ચિંતન કર્યું એ ચિંતનની ઊંચાઈ અન્ય ક્યાંય નથી.ઓશો પણ કહે છે કે ઉપનિષદના વિચારોની ઊંચાઈ સુધી કોઈ નથી પહોંચ્યું.તો નવ મહિનાના ગર્ભકાળનું ફળ છે જન્મ, અને ત્રણ રાત્રી ગુરુ પાસે રહે એનું ફળ છે જીવન! શા માટે ત્રણ રાત્રી?મા બાપ કહે છે એક રાત્રી મનમાં રાખજો,એક રાત્રી તમારી નજર-આંખોમાં રાખજો અને એક રાત્રે તમારા શરીરના રક્ષણ-તમારી છાયામાં રાખજો.આ વૈદિક પ્રક્રિયા મનનીય અને ચિંતનીય છે.આચાર્ય પોતાના આશ્રિત શિષ્યને મનમાં,વિચારોમાં અને છાયામાં રાખે છે ગુરુના આ ત્રણ ગર્ભસ્થાન છે.આચાર્યના ૧૬ લક્ષણની જેમ આશ્રિત અને શિષ્યના પાંચ લક્ષણો છે: અભિમાન છોડી અને જાવું,નાના-મોટા અપરાધનું પ્રાયશ્ચિત કરવું,કુસંગ છોડી અને જાવું,બે વખત વિચારીને જાવું અને ઈશ્વર તેમજ ગુરુ સિવાય અતિ વિશ્વાસ કોઈ પર ન રાખવો.અહીં ગુરુ મનમાં રાખે છે એ મહારાત્રિ છે,આંખોમાં રાખે એ શિવરાત્રી છે અને પોતાની છાયામાં રાખે એ આશ્રિત માટે નવરાત્રી છે.ચાણક્ય પણ કહે છે કે સરકાર,શિક્ષક,ધર્મ,ગ્રામ પંચાયત અને આચાર્ય સ્વસ્થ અને સ્વચ્છ હોવા જોઈએ.બાપુએ જણાવ્યું કે મગજ-માઈન્ડ કેટલા પ્રકારના હોય છે? એક બેડમાઈડ,એક છે મેડમાઈન્ડ-પાગલ અને વિકૃત ગુસ્સો જ કરે,એક છે શેડમાઈન્ડ-કાયમ ઉદાસ હોય, એક છે ડેડમાઈન્ડ-હંમેશા ખાલી હોય,એક છે પ્રીપેડ માઈન્ડ અને એક છે ગ્લેડમાઈન્ડ-પ્રસન્નચિત્ત હોય. તુલસીજીએ વંદના પ્રકરણમાં વાણી,વિનાયક, ભવાની અને શંકર આ ચારની વંદના કરી મધ્યમાં ગુરુને રાખ્યા,ફરી કવિશ્વર,કપિશ્વર,સીતા અને રામ આ ચારની વંદના કરી.એ જ રીતે તુલસીએ ગણેશ, વિષ્ણુ,સૂર્ય,શંકર,ભવાની આ બધાની વંદના પછી ગુરુની વંદના કરી.ફરી વિચાર્યું કે ગુરુ પકડમાં નહીં આવે.આથી ગુરુચરણ-ગુરુપદની વંદના કરી.ફરી વિચાર્યું કે ગુરુપદકંજ- કમળની વંદના કરી તો પણ પકડમાં નહીં આવે અને અંતે ગુરુપદરજની વંદના કરી કારણ કે આપણી લાયકાત એટલી જ છે. આપણે રજને લાયક છીએ.રજને પકડવાથી ગુરુના ચરણ પકડમાં આવશે ,એથી ગુરુ પકડાશે અને ગુરુ એ પરબ્રહ્મ હોવાથી પરબ્રહ્મ પકડમાં આવશે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







NOG:SS:NO.:0101
વિષય: મિત્રતાનો સંવાદ
શબ્દ : ૭૬
શીર્ષક: દોસ્તી

દોસ્તી એટલે કૃષ્ણ અને સુદામાનો શબ્દ વગરનો સ્નેહ!
દોસ્તી એટલે બે અજાણ્યા જનનું મૌન શબ્દના તાંતણે બંધાય!
દોસ્તી એટલે એકના હૈયાની વેદના બીજાની આંખમાં આંસુ લાવે!
દોસ્તી એટલે એકના હૃદયની પ્રસન્નતા બીજાનો અમુલ્ય લ્હાવો!
દોસ્તી એટલે વીજળીના ઝબકારે મોતીડાં પરોવતી ગંગાસતી!
દોસ્તી એટલે જાડેજાને સમજણનું ભાથું આપતી તોરલનું સતીત્વ!
દોસ્તી એટલે દાસી જીવણના ભજનની ચાનક, ને જમીયલ શાહ મીરની ફકીરી!
દોસ્તી એટલે પુષ્ટિજીવની કૃષ્ણ સાથેની આત્મીય સખાભક્તિ!
દોસ્તી એટલે 'ભરત'મૈત્રીના પવિત્ર ઝરણામાં શાશ્વતીના સ્નેહનો કલશોર!

ભરત સાંગાણી.

---

NOG SS NO : 0112
વિષય :મિત્રતા
શીર્ષક :અતૂટ મિત્રતા

સાંસારિક જીવનમાં પરિવાર સાથે અને પરિવાર જેટલો પ્રેમ, સાથ, સહકાર, આનંદ, લાગણી જો કોઈને હોય તો એ મિત્ર છે.

મિત્રતાના અનેક દાખલાઓ સમાજને બોધ આપનારા આપણી નજર સમક્ષ આવ્યા છે.

મિત્ર એક એવુ પાત્ર છે કે જેના વિષે લખતા કવિ અને કલમ પણ થાકી જાય પરંતુ મિત્રતાની સંપૂર્ણ વાત ઉજાગર કરવામાં કમી રહી જાય.

ઘણીવાર સામાજીક જીવનની અમૂક બાબતો એવી હોય છે, જે ઘરના પરિવારના સભ્યોથી કદાચ અજાણ હોય પરંતુ એક મિત્ર બીજા મિત્ર સાથે વાત શેર કરતો હોય છે.

ભૂતકાળના અને વર્તમાનના સમયમાં પણ મુશ્કેલીમાં ભાઈની જેમ પરિવારની પડખે જો કોઇ ઉભુ રહેતુ હોય તો એ પાત્ર છે મિત્ર.

જો કે સમયના પરિવર્તન પ્રમાણે મિત્રતાના અમૂક અમૂક કિસ્સામાં ક્યાંક ક્યાંક અપ્રમાણિકતા, ભેદ અને છેતરપિંડીના બનાવો પણ નજર સમક્ષ જોવામાં આવે છે.

પરંતુ એવા જૂજ જોવા મળતા આવા કિસ્સાને બાદ કરતા મિત્રતા એ પારિવારિક અને સર્વશ્રેષ્ઠ સબંધ કહી શકાય.

ટૂંકમાં કહીએ તો મિત્રતા એક અતૂટ અને ઉત્તમ સબંધો છે.

રાજેશભાઇ એસ વ્યાસ ' રાજ '
ધ્રુવનગર,,,,, મોરબી

---

NOG SS. No. 39
વિષય -- મિત્રતાનો સંવાદ
પ્રકાર - ગદ્ય -- લેખ
શીર્ષક -- કાશ! કૃષ્ણ સરીખો મિત્ર હોય!
શબ્દો - ૩૦૦

કાશ! મારે પણ કૃષ્ણ સરીખો એક મિત્ર હોય.

મિત્રો તો ઘણાં છે જીવનમાં. ઘણાં આવ્યાં ને ઘણાં ગયા. ઘણાં મિત્રો સાચા હોવાનો ભ્રમ સમયે તોડ્યો તો ઘણાં સંકટ સમયની સાંકળ બનીને ઓચિંતા આવીને અચરજ પમાડી ગયાં.

સારાં સમયના મિત્રો અલગ અને કઠિન સમયના મિત્રો પણ અલગ! એક મિત્ર એવો હોવો જોઈએ જે કાંઈ પણ બોલ્યાં કે પૂછ્યાં વગર તમારા મુશ્કેલીનાં સમયે વગર બોલાવ્યે આવીને ઉભો રહી જાય. તન, મન અને ધનથી મદદ કરવા તત્પર રહે. જેનાં ખભે માથું મૂકીને રડી શકાય. જેને સુખ કે દુઃખની કોઈ પણ વાત કરી શકાય. જે તમારાં જીવનનાં રહસ્યોનો સાક્ષી હોય અને એને છુપાવી જાણતો હોય.

નસીબદાર હોય જેને આવો મિત્ર મળ્યો હોય! બાકી સમયનાં વહેણમાં મિત્રની કોઈ ખોટ નથી હોતી. જીવનરાહ પર ચાલતાં ચાલતાં અનેક મિત્રો મળી જાય છે પણ તેઓ અમુક સમય મર્યાદામાં રહે છે પછી ક્યાંય દેખાતાં નથી. ખરાં સમયે મદદ કરીને પલાયન થઈ જનારાં ફરિસ્તા જેવાં મિત્રો પણ હોય જીવનમાં . વ્યવહારિક જીવનમાં મિત્રો સાથે પણ હવે વ્યવહારિક સંબંધો અસ્તિત્વમાં રહે છે.

પણ મારે તો મિત્ર જોઈએ ગીતાના અઢારમાં અધ્યાયમાં આપેલાં ઉપદેશ જેવો સાચો ઉપદેશ આપે એવો. કર્મનાં સિદ્ધાંતને સમજાવે એવો. મારી ભૂલો જરાય ખચકાટ વગર બતાવે એવો. કર્મોનાં રહસ્યો અને એનાં ફળ વિશેનું સાચું માર્ગદર્શન આપે એવો.

જિંદગી એ કર્મોનો હિસાબ છે તો મિત્ર સાથેનો સંબંધ એ પણ કર્મની જ બલિહારી છે.

કર્મોનાં આ હિસાબમાં જે કંઈ મળે છે અને જે નથી મળતું એમાં વ્યક્તિ સિવાય કોઈનોય દોષ હોતો નથી, એમ મિત્ર પણ સારો કે ખરાબ નીવડે તો એ પણ કર્મનો જ હિસાબ છે. જીવનમાં ક્યાંક ભૂલી પડીને ભટકી જઉં, કોઈ ઘટના કે પ્રસંગથી નિરાશા અનુભવું ત્યારે મને કર્મનો સિદ્ધાંત યાદ કરાવે એવો મિત્ર જોઈએ! જે મને અકર્મી બનાવીને મુક્તિના પંથે દોરે અને હું અંતરઆત્માની પ્રતીતિ કરી શકું.

અર્જુનને મળ્યો, સુદામાને મળ્યો, દ્રૌપદીને મળ્યો એવો કૃષ્ણ સરીખો એક મિત્ર મળી જાય તો જીવનનો બેડો પાર થઈ જાય!

પ્રફુલ્લા 'પ્રસન્ના'

# રાજુ રદી આપણી ગુર્જર લક્ષ્મી નામની લોટરી ફરી ચાલુ કરવા ગુહાર લગાવે છે

માણસો બે પ્રકારના હોય છે. પ્રારબ્ધવાદી અને પુરૂષાર્થવાદી. જો કે માણસો વાસ્તવવાદી અને સ્વપ્નવાદી હોય છે. સ્વપ્નવાદી પાછા પ્રારબ્ધવાદી પણ હોય છે. લગભગ દરેકને સ્વપ્ન આવે છે. કેટલાકને હોરર સ્વપ્ન આવે છે. મળસ્કે જે ખરાબ સ્વપ્ન આવે તેને અંગ્રેજીમાં નાઈટમેર કહે છે. સ્વપ્ન રાત્રે જ જુઓ એવું આઈપીસી કે બીજો કાયદો ફરજ પાડી શકતો નથી.દિવસે સ્વપ્ન જોવામાં આવે તેને દિવાસ્વપ્ન કહે છે!!

સપનાની વ્યાખ્યા કરવી એ એક જટિલ કામ છે. સપના એ મનની કલ્પના છે. મન જયારે સ્વતંત્ર થઈ ફરવા લાગે ત્યારે રંગીન, સારા-ખરાબ, ડરામણા જેવા અનેક પ્રકારના સપના રચાવા લાગે છે. પરંતુ શું તમને ખબર છે, સપના એ માત્ર વિચારો નથી, એ તમારા જીવનના ઉતાર-ચઢાવ સૂચવે છે. ઘણીવાર સપનાઓ આપણને આવનારા ભવિષ્યનો સંકેત આપતા હોય છે, પરંતુ આપણે સમજી શકતા નથી.

પ્રાચીન ધર્મગ્રંથોમાં પણ અલગ-અલગ સપનાના માધ્યમથી ભવિષ્યમાં બનનારી ઘટનાઓ વિશે વર્ણન જોવા મળે છે. જયોતિષે જણાવ્યા મુજબ સૂર્યોદયના સમયે જોવામાં આવતું સ્વપ્ન એ જ દિવસે સાચું થાય છે જયારે બ્રહ્મમુહૂર્ત માં જોવાયેલ સ્વપ્ન દસ દિવસમાં પરિપૂર્ણ થાય છે. ઘણી સમાન વસ્તુઓ છે, ઘણી માન્યતાઓ છે. અહીં અમે તમને એવા ઘણા સંકેતો અને એનાથી પ્રાપ્ત થતા ફળો જણાવવા જઈ રહ્યા છીએ.

કેટલાક લોકો સ્વપ્નો પૂર્ણ કરવા માટે જીંદગી ખર્ચી નાંખે છે!જયારે કેટલાક લોકો સ્વપ્નો જોવામાં જીંદગી ખર્ચી નાંખે છે!!કેટલાક માટે જીંદગી સ્વપ્નવત્ હોય છે. કેટલાક માટે સ્વપ્નો જીંદગીવત હોય છે!!

ઘણીવાર કેટલીક વ્યકિતને ભવિષ્યની ઘટનાનો અણસાર આવી જાય છે! મારા મોટા ભાઈને અમેરિકાના પ્રમુખ કેનેડીની હત્યા થવાનું સ્વપ્ન હત્યાના પંદર દિવસ પહેલાં આવેલ અને મોટાભાઈએ પિતાજીને પણ જણાવેલ.

સ્વપ્ન એ મનોવૈજ્ઞાનિક રીતે કે મેડીકલ રીતે ગમે તે હોય પણ દિવસભરની ભાગદોડના અંતે ઊંઘમાં અતૃપ્ત ઈચ્છા, આકાંક્ષા, અબળખા, અભરખા પૂરી કરવાનું માધ્યમ છે. સ્વપ્નના અર્થઘટન પણ કરી શકાય છે. કોઈને મરણ પામતા જુઓ તો તેની આવરદા વધે છે. સવારના મળસ્કે આવેલ સ્વપ્ન મહદઅંશે સાચું પડે છે. હું જીવનમાં તમાકુ કે તમાકુની પ્રોડકટને અડકયો નથી. જીવન માટે મેં લક્ષ્મણરેખાને બદલે ભરતરેખા દોરી છે. વ્યસન કરવા માટે અપ્રતિમ હિંમત( શરીરને નુકસાનકારક પદાર્થ છે તેની જાણકારી હોવા છતાં મોઢાની ઘંટીમાં ઓરવા માટે હિંમતની જરૂર પડે!) અને ઈશ્વરની અસીમ કૃપા જોઈએ. મારા પક્ષે બંનેનો અભાવ છે. આમ છતાં મને નિયમિતપણે હું સિગારેટ પીતો હોવાના સ્વપ્ન આવે છે. હું બે જગ્યાએ નોકરીની મોકરી કરતો હોવાના સ્વપ્ન આવે છે. હું સીધો ઉભો રહી હેરી પોટરની જેમ સ્વપ્નમાં સીધી લીટીએ આકાશે ચડી ઉડતો હોઉં તેવા સ્વપ્ન નિયમિત સમયાંતરે આવે છે. હું તલવારથી કોથમીર સમારતો હોઉં છું!!હું ભાલાના ફણાથી વાંસો ખંજવાળતો હોય તેવું પણ સ્વપ્ન આવે છે, છતાં પીઠમાં લોહીનો ટશિયો પણ જાગીને જોઉં તો લોહીનો ટશિયો પણ જોવા મળતો નથી .ભગવાન મહાવીર સ્વામીના માતૃશ્રી ત્રિશલાને વર્ધમાનના જન્મ પહેલાં ચૌદ સ્વપ્ન આવેલ હતા. જેનું પઠન મહાવીર જયંતીએ કરવામાં આવે છે.

સ્વપ્નમાં કોઈનો વરઘોડો જોવો અથવા ઢોલ નગારા વાગતા જોવું પણ સારું નથી. આ પ્રકારનું સ્વપ્ન આ વાત તરફ ઈશારો કરે છે કે, તમારા જીવનમાં આવનારા સમયમાં કોઈ પ્રકારની મુશ્કેલી અથવા સંકટ આવવાનું છે. જો કોઈને સ્વપ્નમાં એવો બગીચો જોવા મળે જે વેરાન છે જેમાં લીલોતરી નથી તો તે પણ ગંભીર વેદના તરફના સંકેત કરે છે. સ્વપ્નમાં કીડીઓ અથવા મકોડાને જોવા પણ આગામી સમયમાં દુઃખના સંકેત છે. તમે જેટલા વધારે પ્રમાણમાં જંતુઓ જોવો છો એટલી જ વધારે સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. જો સ્વપ્નમાં ભૂકંપનું દ્રશ્ય જોવામાં આવે તો તે પણ અશુભ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ રીતે સ્વપ્ન જોવાનો અર્થ એ છે કે તમારા બાળકને ભવિષ્યમાં કોઈ પ્રકારની સમસ્યા આવી શકે છે. જો તમે તમારા સ્વપ્નમાં બિલાડી જોઇ હોય તો તેને શુભ કહી શકાય નહીં. આ પ્રકારનું સ્વપ્ન ખરાબ સમયના સંકેત આપે છે અને સાથે જ તેનો અર્થ એ પણ થાય છે કે, ભવિષ્યમાં કોઈ તમારી સાથે વિશ્વાસઘાત કરવાનો છે.

સપનામાં ચશ્મા પહેરતા જોવું એટલે વિદ્વતામાં વધારો થવો.સપનામાં લાકડી જોવી એટલે નામ કમાવું.સપનામાં ખીણ જોવી એટલે કે તમને ધન અને પ્રસિદ્ધિ મળશે.સપનામાં કૂતરું દેખાય તો સારો મિત્ર મળી શકે છે.સપનામાં કમળ દેખાય તો માનવું કે, મહાન વ્યક્તિ સાથે મુલાકાત થશે

સપનામાં ટોપી દેખાવાનો અર્થ છે, તમે ઉન્નતિના રસ્તે આગળ વધશો.જો તમે સપનામાં ધનુષ્ય પકડ્યું છે તો પ્રવાસથી લાભ થશે.સપનામાં કોલસો દેખાય તો કોઈ વિવાદમાં ફસાશો.કાદવમાં ફસાઈ ગયા હોવાનું સપનું આવે તો પૈસા વેડફાશે અને શારીરિક મુશ્કેલી આવી શકે છે.સપનામાં તળાવમાં નહાવું એટલે સંન્યાસી બની જવું.

સપનામાં સિંહાસન જોવું એટલે ઉત્તમ સુખની પ્રાપ્તિ થવી.સપનામાં જંગલ જોવું એટલે વિજય પ્રાપ્તિ થવી.સપનામાં જહાજ જોવાનો અર્થ છે, મુશ્કેલીઓ દૂર થશે અને નકામા ખર્ચા થશે.સપનામાં ચાંદી નિહાળવાનો અર્થ છે, પૈસા અને અહંકારમાં વધારો થશે.સપનામાં ઝરણાના દર્શન થાય તો દુઃખ દૂર થાય છે.સપનામાં ચાદર જોવાથી વિના કારણે બદનામી થઈ શકે છે.સપનામાં પ્રગટતો દિપક જોવો તે આયુષ્યમાં વધારાની નિશાની છે.પત્ર વાંચતા જોવું એટલે શુભ સમાચારની પ્રાપ્તિ.સપનામાં દાડમનું ફળ મળવું એટલે ધન અને પુત્રની પ્રાપ્તિ થવી.

સપનામાં આકાશ જોવું એટલે ઐશ્વર્ય વૃદ્ધિ અને પુત્ર લાભ.સપનામાં રત્નો કે નંગો જોવા એટલે ડર અથવા પૈસાનો બગાડ થવો.સપનામાં તડકો જોવો એટલે પદોન્નતિ અને લાભ થવો.અગ્નિની જવાળા જોવી એટલે ખોટા રસ્તેથી ધનની પ્રાપ્તિ.સપનામાં વાદળો જોવા એટલે રાજ્યથી લાભ થવો.

જો તમે સપનામાં તોફાન કે વિજળી પડતા જોઈ તો સમજો કે તમે કોઈ મુસીબતમાં ફસાવાના છો.સપનામાં કોઈ સૂકું અન્ન દેખાય તો મુશ્કેલી આવી શકે છે.સપનામાં વિંટી પહેરવી એટલે ધન લાભ અને ખુશીઓ આવશે.સપનામાં ઊંટના દર્શન થવા એટલે ધનમાં વધારો થશે.જો તમે સપનામાં મુશળધાર વરસાદ જુઓ તો ઘરમાં કલેશ અને રોગો વધવાની શક્યતા છે.સપનામાં લીલો બગીચો દેખાય તો ધનની વૃદ્ધિ થયા છે.સપનામાં સૂકો બગીચો જોવો એટલે અચાનક મુશ્કેલીઓ આવી જવી.સપનામાં તમારા વાળ કપાયેલા હોય તો માની લો કે તમને દેવામાંથી મુક્તિ મળશે અથવા પુત્રની પ્રાપ્તિ થશે.સપનામાં પોતાના વાળ જોવા એટલે આર્થિક મજબૂતાઈ આવવી.

અચાનક સપનામાં જે જ્યોત દેખાય છે તે ઝઘડાઓનું પ્રતીક છે, ઝડપી સ્વભાવ. અને જો તમે સ્વપ્ન કરો છો કે તમે આગને સમર્થન આપો છો, તો તેના વિલીનને અટકાવી શકો છો, પછી વાસ્તવિક જીવનમાં તમે પરિવારની ગરમીને જાળવી રાખવા માટે અત્યંત પ્રયત્ન કરી રહ્યા છો. સામાન્ય રીતે, સ્વપ્નમાં આગ જોવા માટે હકારાત્મક નિશાની છે, જેનો અર્થ છે કે તમે વાસ્તવમાં તમારી આગળ પ્રકાશ જુઓ છો અને કુમાર્ગે ન જાય. એક સુવર્ણ આશ્ચર્ય અથવા એક પરિચિત વ્યક્તિ નવા સકારાત્મક ગુણોની શોધ - એક જ્યોત કિન્ડલ. અકલ્પનીય નસીબ અને જગ્યા નફા માટે - આગ ઘર અથવા અન્ય તમારી મિલકતમાં બર્નિંગ ડ્રીમ્સ. એક અસ્પષ્ટ જ્યોત, જેમ કે ધુમ્મસથી જીવનમાં જોવામાં આવે છે, તો તમે અવાસ્તવિક સ્વપ્નોથી ઘેરાયેલા છો, કંઈક બીજું ફેરવો. જ્યોત કે જેમાંથી ફૂંકાય છે અને ધૂમ્રપાન પ્રવાહ આવે છે, તે નાની તકરાર અને મતભેદોનું પ્રતીક છે. કદાચ, દુશ્મનો તમારા સંપત્તિ કબજે કરવાના સ્વપ્ન. જો તમે સપનું જોયું છે કે તમે આગ પર કંઈક બર્ન કરો - આનો અર્થ એ કે ઝડપી નવા પરિચિતો અને જીવનમાં સુંદર ફેરફારો. તમારા હાથમાં જ્યોત લો, જ્યારે બર્ન ન મળે - એક નિશાની કે જે તમારા દુશ્મનો તમને નુકસાન નહીં કરી શકે, ભલે ગમે તેટલી મહેનત કરતા હોય. એક સ્વપ્ન એક બોનફાયર પર આવો - સફળતાપૂર્વક મહાન મહત્વ એક મહત્વપૂર્ણ અને જટિલ કાર્ય કરે છે. ગરીબી અને ભૂખમરા માટે બુઝાઈ ગયેલ સગડી વધે છે, પરંતુ તે દર્દીને પુનઃપ્રાપ્તિ માટે પ્રકાશિત કરે છે.

એક વિદેશી વાર્તા છે. જેમાં કુટુંબ દેવામાં ડુબેલું છે.આવકનો કોઈ સ્રોત નથી.આ કુટુંબમાં એક નાનો છોકરો હતો. એ લાકડાના ઝૂલી શકાય તેવા ઘોડા પર બેસી ઘોડાને ઝુલાવતો ઝુલાવતો રેસકોર્સ પર કયાં ઘોડા પર નાણા લગાવવા તેની તેના પિતાને ટીપ આપતો હતો. તેના પિતા તે ઘોડા પર નાણા લગાવતા હતા અને ઈનામી રકમ મળતી હતી. આમ, કરતા કરતા દેવું ચુકવાઈ ગયું. બીજી બાજુ બાળક બિમાર પડ્યું અને તેનું અવસાન થયું!!

હમણા એક રસપ્રદ ઘટનાબની.અમેરિકાના વર્જિનિયાના એલોન્જો કોલમેનને સ્વપ્ન જોવાનો ગાંડો શોખ છે. તેણે સ્વપ્નનામાં વર્જિનિયા લોટરીનો એક નંબર જોયો. બીજા દિવસે સ્વપ્નમાં જોયેલા નંબરવાળી લોટરીની ટિકિટ ખરીદી. કોલમેન માટે બગાસુ ખાતા પતાસું મળ્યું. ભાગ્યશાળીને ભૂત રળે. તેના નસીબ આડેનું પાંદડું ખસી ગયું.તેને અઢી લાખ ડોલર એટલે બે કરોડ રૂપિયાનું ઈનામ લાગ્યું.

આપણા નમૂના રાજુ રદીને સ્વપ્નમાં ૦૦૦૦૦૦૦૦૦૭ નંબર આવે છે. રાજુ રદીના હાથમાં ખંજવાળ આવે છે- લોટરીમાં કરોડો રૂપિયા જીતવાની ખંજવાળ આવે છે. ખાટલે મોટી ખોડ એ છે કે આપણે લોટરીના ખરીદ-વેચાણ પર પ્રતિબંધ મુકયો છે. રાજુ રદી આપણી ગુર્જર લક્ષ્મી નામની લોટરી ફરી ચાલુ કરવા ગુહાર લગાવે છે કે જેથી સ્વપ્નમાં દેખાતા નંબરની ટિકિટ ખરીદી રોડપતિમાંથી કરોડપતિ બની શકાય!!!

ભરત વૈષ્ણવ
૫.૭.૨૦૨૨.

## જરાય જોવી નથી!!

મઘમઘતા મોગરાની વેણી
વાળમાં લગાવી છે.
લાલ લાલ રંગની બોપટી,
વાળમાં લગાવી છે.
સખી મારે તને જરાય જોવી નથી.
ગુલાબ જેલા લિસ્સા લિસ્સા,
ગાલમાં ખંજનબંજન છે,
શરદપુનમના માટા ચંદ્ર જેવી,
કપાળમાં બિંદી લગાવી છે
સખી મારે તને જરાય જોવી નથી.
એકાદ-બે તલ ગાલ કે સ્તન પર હોય તો,
સમરકંદ-બુખારા ઓવારી દઈએ
ગણ્યા ગણાય નહીં તેટલા તલ હોય તો,
શા માટે કંઈ આપવાની પાયમાલી વેઠીએ?
સખી મારે તન જરાય જોવી નથી!!
સાગના સોટા જેવી દેહયષ્ટિ ,
સુંદર મજાના મનોહર વસ્ત્રાલંકાર,
શરાબની સુરાહી જેવી મરોડદાર,
ગ્રીવામાં નેકલેસ ધારણ કરી છે
સખીને જોવા સિવાય મારે કયું કામ છે?
સખી મારે તને જરાય જોવી નથી!!!
ભરત વૈષ્ણવ

## કણેકણમાંથી બોધપાઠ (શિક્ષા)



નિરાકાર પ્રભુ પરમાત્મા સર્વવ્યાપી છે અર્થાત, કણેકણમાં વ્યાપ્ત છે. તો સ્વાભાવિક રીતે જ કણેકણમાંથી આપણને કંઇ ને કંઇ શીખવા મળે જ.પછી તે સજીવ હોય કે નિર્જિવ અનેમાનવ હોય કેપશુ પક્ષી, જાનવર. જીવાત કે જળચર જીવો.

આપણે સૌ હમેશા જોતાં આવ્યા છીએ. જો સારા ગુણ દેખાડવા હોય એમાં વફાદાર માણસ તો કહેશે શ્વાન જેવો વફાદાર. સિંહ જેવો તાકાતવર, દોડમાં હોશિયાર તો ઘોડા જેવો, ગરીબ(સ્વભાવે) ગાય જેવો, રૂપાળો મોર જેવો,પોપટ જેવો મીઠી બોલીવાળો, કોયલ જેવી મીઠા કંઠવાળી,આજે પણ લતા મંગેશકરજીને કોકિલકંઠી કહેવામાં આવે છે.અર્થાત કોયલ જેવા મીઠા સ્વરવાળી, એ જરીતે એનાથી વિપરીતજો ખરાબ ચીતરવા હોય એટલે કે અવગુણ દર્શાવવા હોય તો શિયાળ જેવા લુચ્ચા, કાગડા જેવા કર્કશ, બગલા જેવા ઠગ ભગત, રંગ બદલતા કાચંડા જેવો, ગધેડા જેવો મુરખ, હાથી ની જેમ દેખાડવાના અને ચાવવાના જુદા જુદા. અર્થાત,મોઢે કંઇ બોલે અનેપીઠ પાછળ કંઇ, બાજ જેવી તીક્ષ્ણ નજર. આમ, માનવીને દર વખતે પશુ પક્ષીઓ સાથે જ સરખાવવામાં આવ્યા છે ને પશુ પક્ષીઓને ક્યારેય માનવી સાથે સરખાવવાનું આજદિન સુધી નથી સાંભળ્યું.એનો અર્થ એ જ થયો નેકે માનવી પશુ પાસેથી જ બધુ શીખેછે.

કીડીઓને જોઇશું તો તે ક્યારેય એકલદોકલ જોવા નહિ મળે .ક્યાય પણ મીઠી વસ્તુ જોશે કે તરત બીજી બધી કીડીઓને સંકેત પહોચાડે છે અને ત્યાં જ ઢગલાબંધ કીડીઓ એકઠી થઈ જાય છે એટલું જ નહિ એ બધી વ્યવસ્થિત રીતે હરોળમાં જ જોવા મળશે. જ્યારે આજનો માનવી એકલપેટો થતો જાય છે. આ કીડીઓ આપણને એકતા, સંપ અને અનુશાસનના પાઠ શીખવે છે.

સંત નિરંકારી મિશનના બાબાજી શ્રી હરદેવસિંહજી મહારાજ ઘણીવાર ઉદાહરણ આપતાં "પાનીમેં મીન પ્યાસી મોહે દેખ દેખ આવત હાંસી" જેમ પાણીમાં રહીને માછલી પાણીપીવા તરસતી હોય છે એ જ રીતે માનવી નિરંકાર પરમાત્મા કે જે કણકણમાં વસે છે અર્થાત, સર્વવ્યાપી પ્રભુ પરમાત્માને જંગલોમાં, પર્વતોમાં, મંદિર,મસ્જીદમાં શોધે છે.એને રીઝવવા આકરા તપ કરે છે, પગપાળા યાત્રા કરે છે તોકોઇકોઇ તો ઉઘાડા પગે જાત્રા કરેછે. તો કોઇ નિર્જળ ઉપવાસ કરે છે. આમ, સજીવો ઘણું બધુ શીખવી જાય છે પણ એ કેટલીઅને કઈ રીતે હકારાત્મક કે નકારાત્મક રીતે ગ્રહણ કરવીએ આપણા હાથમાં છે.

વૃક્ષનું ઉદાહરણ આપીને હમેશા આપણને શીખવવામાંઆવે છે કેફળદાર વૃક્ષના ફળને તોડવા લોકો પથ્થરનાઘા કરેછે પણ વૃક્ષ પથ્થરના બદલામાં હમેશા મીઠા ફળ જ આપે છે.માનવીએ પણ અપકારનો બદલો ઉપકારથી વાળવો જોઇએ. સુગંધીદાર ફૂલને મસળી નાખો તો પણ તે પોતાની સુગંધ ફેલાવવાનું છોડતો નથી. ધરતી આપણને સહનશીલતાના પાઠ શીખવાડે છે. માટે જ ધરતી ને માતા કહેવામાં આવે છે. ધરતી પર ગમે તેટલોઅત્યાચાર થાય, તેના પર બુલડોઝરો ફેરવવામાં આવે છે. મસમોટા મકાનો બનાવવામાં આવે છે. હવે તો ૧૦૦ માળથી વધુ મોટા બિલ્ડીંગો પણ ધરતી પર બને છે. એ બોજો ધરતી સહન કરે છે. ધરતી પર મૃતદેહો સળગાવવામાં આવેછે, એનાપેટાળમાં માનવીઅનેપશુ, પક્ષીઓના મૃતદેહો દફનાવવામાં આવેછે. છત્તાં આ ધરતી માતા બદલામાં આપણને અનાજ, પાણી,ફળફૂલ,શાકભાજી અર્થાત,જીવન જરૂરિયાતની તમામ વસ્તુ આપણને આપે છે.

ખાવાપીવાની વસ્તુઓમાં જોઇએ તો દ્રાક્ષ જ્યાં સુધીઝુમખામાં હોય છે ત્યાં સુધીએ જલ્દી બગડતી નથી અને એની કિમત પણ વધુ હોય છે એ રીતેકેળાં પણ છૂટા પડી જાય તો બગડી જાય છે અને કિમત પણ ઘટીજાયછે. એ પરથી પણ શિખ લેવા જેવી છે કે માનવી જ્યાં સુધી પરિવાર, સત્સંગ અને સદગુરૂ સાથે સંકળાયેલો રહે છે તે કિમતી ગણાય છે .જ્યારે એકલો માનવી નાની નાની તકલીફો આવતાં જ મુંઝાઈ કે ગુંચવાઈ જાય છે.

ગાડી કે કોઇ પણ વાહનમાં લાગેલા નટબોલ્ટ જો ચાલુ ગાડીમાંથી અચાનક છૂટા પડી જાય તો તરત એ વાહનમાં જોખમ ઉભું થઈ જાય સાથોસાથ એ નટબોલ્ટની કિમત પણ કોડીની થઈ જાય છે.જ્યાંસુધી એ ગાડી સાથે જોડાયેલા છે ત્યાં સુધી એ કિમતી રહે છે અને વાહનને પણ સલામત રાખે છે. માનવી પણ જ્યાં સુધી સત્સંગમાં જોડાયેલો છે એનું જીવન કિમતી હોય છે. એનું જીવન સુધરી જાય છે.

નાવનું ઉદાહરણ લઈએ તોજ્યાં સુધી નાવ પાણીમાં હોય ત્યાં સુધી નાવ પણ સલામત રહે છે અને નાવમાં બેઠેલા તમામ પણ સલામત હોય છે.પણ જેવું પાણી નાવમાં આવ્યું કે નાવ અને નાવમાં બેઠેલા તમામ માટે ભયંકર જોખમ ઉભું થાય છે. આના પરથી પણ શીખવામળે છે કે જ્યાં સુધી આપણે ભક્તિ અને માયાનું સમતોલન જાળવીએ છીએ ત્યાં સુધી જીવન સુંદર રીતે પસાર થાય છે પણ જેવો માત્ર માયાનો પ્રવેશ જીવનમાં થયો અને ભક્તિથી દૂર થયા તોજીવન નર્ક સમાન બદતર થઈ જાય છે.

ઘરના પડદા આપણે મોટા ભાગે એટલા માટે લગાડીએ છીએ કે અંદરની ગતિવિધિને બહારના લોકો ના જોઇ શકે. રાજમાતાજી હમેશા કહેતા કે કોઇની પણ એવી વાતો સાંભળો, કોઇનાપુત્ર કે પુત્રીથી કોઇ ભૂલ થઈ જાય તો એને ઉછાળો નહિ પણ જેમ પોતાના બાળકોની ભુલોપર પડદો ઢાંકો છો એમ બીજાની ભુલો પર પણ પડદો ઢાંકો. ટૂંકમાં,પરમાત્માએ રચેલી એક એક વસ્તુ, જીવ કંઇ ને કંઇ શીખવે જ છે. ઘરના બાળકો પણ ઘણું બધું શીખવી જતાં હોય છે.માટે જ નિરંકારી મિશનના તત્કાલિન સદગુરુ હરદેવસિંહજી મહારાજે અનેઆજે સદગુરુ માતા સુદિક્ષાજી મહારાજ પણ હમેશા બાળસંગત પર (બાળકોના સત્સંગ આવવા પર) ભાર આપ્યો છે જેથી બાળપણથી જ બાળકો સારા સંસ્કાર પોતે પણ શીખે, પરિવાર અને મિત્રોમાં પણ સારા ગુણોનું સિંચન કરે. આવો, આપણે પણ આપણી આસપાસની તમામ વસ્તુઓ, જીવો અને પ્રકૃતિ પાસેથી કંઇ ને કંઇ શીખતા રહીએ.

અહિં ફરી ગાંધીનગરની જનતાને પુનઃ જાણ તથા આમંત્રણ પાઠવું છું કે સંત નિરંકારી સત્સંગ ભવન,ગાંધીનગર માં સેક્ટર – ૩૦ ખાતે, શાંતિવન સોસાયટી, સામે, ચીપ ટાઈપ શોપીંગની સામે, ચ-રોડ પર આવેલ છે. જ્યાં દર રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી અને દર ગુરૂવારે સાંજે ૭.૦૦ થી ૮.૩૦ સુધી સત્સંગના કાર્યક્રમનું આયોજન થાય છે જેમાં દરેક વ્યક્તિ કોઇપણ જાતના ભેદભાવ વગર આ સત્સંગનો નિઃશુલ્ક લાભ લઈ શકે છે. વધુ વિગતો માટે નીચે જણાવેલ સત્સંગીભાઈ-બહેનોનો સંપર્ક કરી શકે છે.

મિશનના ઝોનલ ઈંચાર્જ શ્રી સોહનબીર બલિયાનજી ૯૫૩૬૭૦૩૪૭૮ અથવા
શ્રીસંકેતભાઈ પટેલ – ૮૩૦૬૨૪૪૯૯૯
શ્રી સંતોષભાઈ પવાર – ૯૯૭૯૧૪૯૭૭૯

CMYK

# માણાવદર ગીરગાય સંવર્ધન કેન્દ્ર અનસૂયા ગૌધામની મુલાકાતે સંતો અને આગેવાનોની હારમાળા

(સૌરાષ્ટ્ર બ્યુરો)

મુંબઈ સ્થિત અને મુંબઈમાં આર્થિક ટંકશાળ પાડતા મોટા ધંધાને તિલાંજલિ આપી એકમાત્ર સેવાના ઉદ્દેશથી માણાવદરમાં શિફ્ટ થયેલા શ્રીમાન હિતેન શેઠ અને શ્રીમતી મેઘના શેઠે માણાવદરમાં ગીર ગાયોના સંવર્ધન ઉછેર માટે સાડા ત્રણ વીઘામાં અનસુયા ગૌધામનું નિર્માણ કર્યું છે. અહીં ૪૦ થી વધારે ગીર ગાયો તથા ગીર વાછરડી - વાછરડાઓનો ઉછેર થઈ રહ્યો છે આ ગૌધામની ખ્યાતિ એટલી બધી પ્રસરી ગઈ છે કે અહીં સંવર્ધાતિ ગૌમાતાઓ, ગોવંશને જોવા બહારના સંતો અને આગેવાનો કે જેવો પણ ગૌસેવા સાથે સંકળાયેલા છે તે આવી રહ્યા છે આ ગૌધામની સરાહના કરી રહ્યા છે.



આજરોજ પોરબંદરના ગીર ગાયોના સંવર્ધક રખેવાળ રાજસીભાઈ મહેર, ધીરુભાઈ કાઠિયાએ આ ગૌધામની મુલાકાત લઈ ગીર ગાયુના સંવર્ધન પ્રક્રિયાની માહિતી હિતેનભાઈ તથા મેઘનાબેન શેઠ પાસેથી મેળવી આ અનસુયા ગૌધામની પ્રશંસા - સરાહના કરી હતી. રાજસીભાઈ મહેર પોતે પોરબંદરમાં ગીર ગાયોના ઉછેર નું કાર્ય કરી રહ્યા છે તેમની ગૌશાળામાં ૪૫૦ ગીર ગાયો છે.

આ તકે હિતેનભાઈ શેઠ તથા મેઘનાબેન શેઠે ધીરુભાઈ કાઠિયા નું સાલ ઓઢાડી અને ચાંદીનો સિક્કો પુરસ્કૃત કરી સન્માન કર્યું હતું. ધીરુભાઈ કાઠિયાએ માણાવદર જેવા નાના ક્ષેત્રમાં ગીર ગાયો ઉછેર કેન્દ્ર શરૂ કરવા બદલ શેઠ દંપત્તિને બિરદાવ્યા હતા.

## ભારતીય જનતા પાર્ટી બક્ષીપંચ સમાજ(ઓ.બી.સી) ના હક્કો માટે અને અનામત માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે અને આ માટે આવશક્યતા લાગે તો કાનૂની સહારો લેશે

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, છેલ્લા બે દિવસથી ગ્રામપંચાયત ની ચૂંટણીમાં બક્ષીપંચ સમાજ ( ઓ.બી.સી) માટે રાખેલ અનામત સીટ હાલ માં બાકી રહેલ પંચાયતની ચૂંટણી માં અનામત રહેશે નહિ તે વિષય ની બાબતે ચર્ચા ચાલી રહેલ છે.ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે તારીખ ૧૦-મે-૨૦૨૨ ના નામદાર સુપ્રીમ કોર્ટ ના ચુકાદાને ધ્યાનમાં રાખી ઉતાવળે પુરી સમીક્ષા કર્યા વગર રાજ્યમાં બાકી રહેલ ૩૨૫૨ ગ્રામ પંચાયતો માં ચૂંટણી કરવાની પ્રક્રિયા હાથ ધરેલ છે અને આ ચૂંટણીમાં ચૂંટણી આયોગ ના મત મુજબ ઓ.બી.સી બેઠકો ને સામાન્ય બેઠકોમાં પરિવર્તન કરવા અંગે સૂચન કરેલ છે.ગુજરાત રાજ્ય ઓ.બી.સી અનામત માટે પ્રતિબદ્ધ છે અને રાજ્યના પંચાયત કાયદામાં જ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયત માટે ( કલમ ૯, ૧૦ અને ૧૧) ૧૦% અનામતની સ્પષ્ટ જોગવાઈ કરેલ છે. રાજ્ય ચૂંટણી આયોગ એ સ્વતંત્ર સંસ્થા છે તેમના નિર્ણય મુજબ ઓ.બી.સી અનામત કાઢી ને સામાન્ય બેઠકો કરે તેનાથી ભારતીય જનતા પાર્ટી ની ઓ.બી.સી અનામત અંગે ની પ્રતિબદ્ધતા માં કોઈ ફેર પડતો નથી.

ભારતીય જનતા પાર્ટી ઓ.બી.સી ના હક્કો માટે અને અનામત માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે અને આ માટે આવશક્યતા લાગે તો કાનૂની સહારો લેશે. આ સિવાય પણ તમામ સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી માં સામાન્ય સીટ ઉપર પણ ૧૦% ઓ.બી.સી ઉમેદવારો નિશ્ચિત રીતે ઉભા રાખશે અને ઓ.બી.સી ના અનામતને કોઈ પણ પ્રકારનું નુકશાન ભારતીય જનતા પાર્ટી ક્યારેય કરશે નહિ.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)



કોંગ્રેસ ના સભ્યો કમલમ ખાતે ભાજપ માં જોડાતા ડભોઇ ના ધારાસભ્ય શૈલેષ મહેતા(સોટા) દ્વારા આવકાર સાથે શુભેચ્છાઓ પાઠવી.

### બનાસકાંઠા સમાચાર

# બનાસકાંઠા માં દીકરીએ જ પિતાની તિજોરી લુંટતા ચકચાર

**દીકરી તો પારકી થાપણ કેહવાય....૧૪ તોલા દાગીના પારકાં ના હવાલે**

**મિત્રના કહેવાથી બેટીએ બાપ ના ૧૪ તોલા સોનાના દાગીનાની ચોરી કરતાં ફરિયાદ નોંધાઇ**

ડીસા,

ડીસાના કાંટ ગામમાં રહેતાં એક પરિવારની પરિણીત દીકરીએ તેના કોઇ પુરુષ મિત્રના કહેવાથી ઘરની તિજોરીમાં પડેલા ૧૪ તોલા સોનાના દાગીનાની ચોરી કરી તે દાગીના મિત્રને આપી દેતાં ચકચાર મચી ગઇ હતી.

આ અંગે તેના પિતાએ પોતાની પરિણીત પુત્રી તેના બે બાળકો અને તેના મિત્ર સામે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ અગેની વિગત એવી છે કે, ડીસા તાલુકાના કાંટ ગામમાં રહેતાં મંછારામ છોગાજી માળી (ઉં.વ.આ. ૬૮) ખેતી કરે છે તેમના પરિવારમાં બે સંતાનો છે. જેમાં એક દીકરી અને દીકરો છે.

જેમાં તેમની દીકરી ચંદ્રીકાબેનના લગ્ન ડીસા તાલુકાના માલગઢ ગામની જોધપુરીયામાં રહેતાં હરેશ શંકરલાલ સોલંકી (માળી) સાથે થયેલા છે અને તેને બે બાળકો છે.

જો કે, ગત તા. ૨૦/૮/૨૧ ના રોજ તેમના દીકરા ભરતભાઇના સાસરીમાં હવનનો પ્રસંગ હોઇ મંછારામની પત્ની જમુબેન અને તેમના દીકરા અને વહુએ તિજોરીમાં પડેલા દાગીના લેવા માટે તિજોરી ખોલી હતી.

જો કે, તેમાં મૂકેલા દાગીના જણાયા ન હતા. જેથી તેઓ ચોંકી ઉઠયા હતા અને તેમના દીકરાને પણ પૂછતાં તેને પણ જણાવ્યું હતું કે, મને ખબર નથી.

જેથી તે દરમિયાન તેમના ઘરે તેમની દીકરી ચંદ્રીકા બાળકો સાથે મળવા આવેલી અને તેને પણ આ બાબતે પૂછતાં તેને પણ પહેલાં ના પાડી હતી.

ત્યારબાદ સમગ્ર પરિવારે તેને સમજાવતા તેને જણાવ્યું હતું કે, પાંચેક દિવસ પહેલાં બપોરના સુમારે પરિવારજનો સૂતા હતા.તે દરમિયાન મારા મિત્ર એજાજ મુસ્તુફા શેખ (રહે. ગવાડી) વાળાના કહેવાથી મે મારી દીકરી અને દીકરાએ મળી આ દાગીના તિજોરીમાંથી ચોરીને એજાજ શેખને આપી દીધા હતા.

અને તે દાગીના પરત માંગતા એજાજ શેખ દાગીના પરત આપતો નથી હાલ મારી પાસે નથી. જો કે, આ વાત સાંભળી પરિવારજનો પણ ચોંકી ઉઠયા હતા.

જયારે સોનાનું મંગળસૂત્ર, સોનાનો હાર, સોનાનું ડોકીયું, કાનની બુટ્ટી, કાનના જોલા, સોનાનું પેન્ડલ, ૨ નાની વીંટી અને સોનાના બિસ્કીટ મળી કુલ ૧૪ તોલા સોનાના દાગીના જેની કિંમત રૂ, ૭,૦૦૦૦૦ ની ચોરી કરી હતી.

આ અંગે ડીસા તાલુકા પોલીસ મથકે પરિણીત પુત્રી ચંદ્રીકાબેન હરેશભાઇ સોલંકી (માળી) તેની પુત્રી નેહા, પુત્ર આકાશ (ત્રણ રહે. માલગઢ, તા. ડીસા) અને ઇજાજ મુસ્તુફા શેખ (રહે. ગવાડી, ડીસા) વાળા સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો વધુ તપાસ હાથ ધરી છે.

### સૌરાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે ૧૩૭ વીજપોલ ધરાશાયી થતા ૬૩ ગામડાઓમાં અંધારપટ

રાજકોટ,તા.૭

રાજયમાં ભારે વરસાદના કારણે ૧૩૭ વિજપોલ ધરાશાયી થતા સૌરાષ્ટ્રના ૬૩ જેટલાં ગામડાઓમાં અંધારપટ છવાઈ ગયો છે. ભારે પવન સાથે અનેક વીજપોલ ધરાશાયી થયા છે. વીજવિભાગ દ્વારા વીજપુરવઠો ઝડપી કાર્યરત કરવા માંગ કરવામાં આવી છે. વરસાદી સીઝનમાં ગામડાઓમાં અંધારપાટ છવાઈ જતા લોકોએ ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

અને વીજપોલ ધરાશાયી થતા લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ખેરીવાડીના ૨૨૫ ફીડર બંધ થઇ ગયા.,જામનગરમાં ખેતીવાડીના ૧૦૦ સહિત ૨૫૧ ફીડર બંધ હાલતમાં.,રાજકોટ ગ્રામ્યમાં ૧ ફીડર બંધ અને ૩ વીજપોલ તૂટી પડ્યા.,પોરબંદરમાં ૫ ફીડર બંધ ૧ ગામમાં અંધારપટ છવાયો.,જૂનાગઢમાં ૨૨ ફીડર બંધ ૨૧ વિજપોલ તૂટી પડ્યા ૧ ગામમાં વીજળી બંધ.

### વંદે ગુજરાત વિકાસ યાત્રા, જિલ્લો ડાંગ

# ડાંગ જિલ્લાની 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' ની શાહી સવારી પહોંચી ધવલીદોડ ગામે



આહવા:તાઃ ૬: ડાંગના ડુંગરાળ પ્રદેશમા વસતા પ્રજાજનોને ગુજરાતના વિસ વર્ષોના વિકાસની જાણકારી આપવા સાથે, અનેકવિધ યોજનાકીય લાભો આપી રહેલી 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' તેના બીજા દિવસે સવારે આહવા તાલુકાના ધવલીદોડ ગામે પહોંચી હતી.

આહવાથી તા.૫મી જુલાઈએ નીકળેલી આ યાત્રાનુ ધવલીદોડ સુધી માર્ગમા ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરતા ગ્રામીણજનોએ, કુતુહલ સાથે મસમોટા એલ.ઈ.ડી. સ્ક્રીન ઉપર ગુજરાતની વિકાસ ગાથા નિહાળી હતી. ધવલીદોડ ગામે યાત્રાના સ્વાગત કાર્યક્રમમા સરપંચ શ્રીમતી હર્ષિદાબેન ગાંગુર્ડે સહિત તાલુકા પંચાયતના સદસ્ય શ્રીમતી વિમલબેન, સ્થાનિક સામાજિક કાર્યકરો સર્વશ્રી રમેશભાઈ ગાંગુર્ડે, ગ્રામ પંચાયતના સભ્યો, વિકાસ યાત્રાના જિલ્લાના નોડલ ઓફિસર શ્રી યોગેશ જોશી, વિકાસ રથના લાયઝન અધિકારી શ્રી એન.એમ.ગાયકવાડ, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી કેતન માહલા, આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર શ્રી ચેતન ભગરીયા, વીજ વિભાગના નાયબ ઈજનેર શ્રી વી.ડી.પટેલ સહીત તાલુકા/જિલ્લાના અધિકારીઓ વિગેરેએ ઉપસ્થિત રહી યોજનાકીય લાભો એનાયત કર્યા હતા.કાર્યક્રમના ભાગરૂપે જિલ્લાના આરોગ્ય વિભાગે સવારે યોગા સહિત સ્વચ્છતા અભિયાન, ક્લોરીનેશન, પાણીના સેમ્પલનુ કલેક્શન કરવા સાથે, આરોગ્યલક્ષી યોજનાઓની જાણકારી આપવામા આવી હતી.

નરેન્દ્ર પવાર
ડાંગ

### વંદે ગુજરાત વિકાસ યાત્રા, જિલ્લો ડાંગ

# ડાંગની 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' આજે ડોન બેઠકમા સમાવિષ્ઠ બોરખલ અને લિંગા મુકામે પહોંચશે ; બાર ગામોને લાભાન્વિત કરાશે

આહવાઃ તાઃ ૬: ડાંગના આંગણે આવી પહોંચેલી 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' ગુજરાતના વિસ વર્ષોના વિકાસની ગાથા સાથે, અનેકવિધ પ્રવૃત્તિઓ લઈને ડાંગના ડુંગરાઓ ખુંદી રહી છે. ત્યારે યાત્રાના ત્રીજા દિવસે, એટલે કે તા.૭/૭/૨૦૨૨ ના રોજ આ યાત્રા જિલ્લા પંચાયતની ડોન બેઠકમા સમાવિષ્ઠ બાર ગામોને લાભાન્વિત કરશે. 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'ના નિયત કરાયેલા રૂટ મુજબ આજે સવારે આ યાત્રા બોરખલ મુકામે પહોંચશે. અહી બોરખલ સહીત વિહિરઆંબા, ટાકલીપાડા, ગાયખાસ, ઉબરપાડા, અને તેમ્બ્રુનઘર્તા ગામોના લાભાર્થીઓને વિવિધ લાભો એનાયત કરવા સાથે, આ ગામોના કેટલાક વિકાસ કામોનુ ખાતમુહુર્ત અને લોકાર્પણ પણ, યાત્રા સાથે જોડાયેલા મહાનુભાવોના હસ્તે કરાશે. ત્યાર બાદ આ યાત્રા સાંજે લિંગા મુકામે પહોંચી ઉપર મુજબના કાર્યક્રમો કરશે. અહી સાંસ્કૃતિક કાર્યક્રમના સથવારે વિવિધ યોજનાકીય જાણકારી પણ ગ્રામજનોને પૂરી પડાશે. લિંગા ગામે વકાર્યા, કામદ, બીલમાળ, અંજનકુંડ, અને કોસબીયા ગામોના ગ્રામજનોને આ યાત્રાનો લાભ અપાશે.

નરેન્દ્ર પવાર
ડાંગ

# પશુ-પક્ષીઓ માટેનો નિઃશુલ્ક, મેગા, સર્વરોગ નિદાન તેમજ સારવારનો કેમ્પ

। વર્લ્ડ ઝુનોસીસ ડે નીમીતે તા. ૮ જુલાઈ, શુક્રવારે, સમસ્ત મહાજન તથા એનીમલ હેલ્પલાઇનનાં સંયુકત ઉપક્રમે, પશુ-પક્ષીઓ માટેનો નિઃશુલ્ક, મેગા, સર્વરોગ નિદાન તેમજ સારવારનો કેમ્પ. શ્વાનોને વિનામૂલ્યે રસીકરણ. ૨૦ નિષ્ણાંત તબીબો સેવા આપશે. સૌરાષ્ટ્ર-કચ્છના જીવદયા પ્રેમીઓને લાભ લેવા અપીલ.

। ભારત સરકારનાં કેન્દ્રીય પશુપાલન મંત્રી પરસોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહેશે.

વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જાનવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' નાં મેનેજિંગ ટ્રસ્ટી અને એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં મેમ્બર ગિરીશભાઈ શાહનાં માર્ગદર્શનમાં અને ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ એવોર્ડ વિજેતા સંસ્થા 'શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન, રાજકોટ' દ્વારા 'વર્લ્ડ ઝુનોસીસ ડે' નિમિતે યોજાનાર અનેક કાર્યક્રમોની શૃંખલામાં સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છનાં પશુ-પક્ષીઓ માટેના મેગા, નિઃશુલ્ક, સર્વરોગ નિદાન તેમજ સારવાર કેમ્પ, ચર્મ ચિકિત્સા—દંત ચિકિત્સા તેમજ આંખના રોગોના સારવાર કેમ્પ અને શ્વાનોને વિનામુલ્યે હડકવાનું રસીકરણ, કૃમિનાશક તેમજ અન્ય સારવારના કેમ્પનું આયોજન તા. ૮, જુલાઇ, શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી સાંજના ૭–૦૦ કલાક સુધી શ્રીમતી શેણી મેમોરીયલ ટ્રસ્ટ, શ્રેયસ સ્કૂલ પાસે, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, શેઠનગર પાસે, નાગેશ્વર તીર્થની સામે, જામનગર રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. એનીમલ હેલ્પલાઇનના ડો. નિકુંજ પીપળીયા, ડો. દીપ સોજીત્રા, ડો. રવી માલવીયા, સેવાભાવી તબીબ ડો. અરવિંદ ગડારા, ડો. અરૂણ ઘીયાડ, ડો. હિરેન વિસાણી તેમજ પંચનાથ એનીમલ હોસ્પીટલનાં ડો. વિવેક કલોલા સહીતની ડોકટર્સની ટીમ પોતાની સેવા આપશે. આ કેમ્પમાં સૌરાષ્ટ્ર પ્રાણી કલ્યાણ મંડળ ટ્રસ્ટનાં ડો. મણવર સહિતનાં નિષ્ણાંત તબીબો ઉપસ્થિત રહી સેવા આપશે. આ મેગા કેમ્પમાં જિલ્લા પંચાયત પશુપાલન શાખાનાં વરિષ્ઠ ડોકટર્સ ડો. ગોહીલ, ડો. ખાનપરા, ડો. જાકાસણીયા, ડો. કુંડારીયા તથા રાજકોટ મહાનગરપાલીકાના ડો. હિરપરા, ડો. ભાવેશ જાકાસણીયા, ડો. ઉપેન્દ્ર પટેલ સહિતના નિષ્ણાંત તબીબો સેવા આપશે. આ કેમ્પમાં પશુ-પક્ષીઓથી મનુષ્યોને તથા મનુષ્યોથી પશુ-પક્ષીઓને ફેલાતા રોગોના નિરાકરણ અંગે જનજાગૃતી તેમજ મેડીકલ માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પમાં આવેલા તમામ પશુ-પક્ષીઓને જનરલ હેલ્થ ચેકઅપ (ફુલ બોડી), શ્વાનોને વિનામૂલ્યે હડકવા વિરોધી રસીકરણ, આંખના—દાંતના–ચામડીના રોગોની તેમજ સર્વરોગોનું નિદાન, સારવાર કરી આપવામાં આવશે. સર્વરોગની જનરલ સારવાર, મેજર ઓપરેશન ઉપરાંત અન્ય સારવાર પણ કરી આપવામાં આવશે. આ કેમ્પમાં ભારત સરકાર સરકારનાં કેન્દ્રીય પશુપાલન મંત્રી જીવદયા પ્રેમી પરસોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહેશે.આ જીવદયા કેમ્પને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સાંસદો રામભાઈ મોકરીયા, મોહનભાઈ કુંડારીયા, મંત્રી અરવીંદભાઈ રૈયાણી, રાષ્ટ્રીય કામધેનું આયોગનાં પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરીયા, ધારાસભ્યશ્રીઓ ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયાની પણ શુભેચ્છા મળી રહી છે. આ જીવદયા કેમ્પને શુભેચ્છા પાઠવવા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, મેયર શ્રી પ્રદીપભાઈ ડવ, ડેપ્યુટી મેયર ડો. શ્રીમતી દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, ગિરીશભાઈ શાહ (સમસ્ત મહાજન, મુંબઈ), જૈન શ્રેષ્ઠી ચંદ્રકાંતભાઈ શેઠ, પંચનાથ મંદીર તેમજ હોસ્પીટલના દેવાંગભાઈ માંકડ, જયોતીન્દ્રભાઈ મહેતા (મામા) સહિતનાં અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.



ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા તૂટેલા ચેકડેમો નો જીર્ણોદ્ધાર

# કલોલ તાલુકાના પલિયડ ગામે વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથનું ઢોલના તાલે અને કુંકુ તિલક કરીને ગ્રામજનોએ આવકાર આપ્યો

ગાંધીનગરઃ બુધવારઃ

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પલિયડ ગામ ખાતે વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથનું ભવ્યાતિભવ્ય સ્વાગત ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું હતું.

વંદે ગુજરાત વિકાસ યાત્રાના બીજા દિવસે કલોલ તાલુકાના પલિયડ ગામ ખાતે સાંજના ૪.૩૦ કલાકે રથ આવ્યો હતો. આ રથને ગ્રામજનો દ્વારા ઢોલના તાલે સામૈયુ કરવામાં આવ્યું હતું. ગામની નાની દીકરીઓએ રથને કંકુ તિલક કરીને આવકાર આપ્યો હતો. આ રથને ગામની પ્રાથમિક શાળા ખાતે આયોજિત કાર્યક્રમના સ્થળે લઇ જવામાં આવ્યો હતો.



આ કાર્યક્રમમાં વિવિધ જિલ્લાની કચેરીઓના અધિકારીઓ દ્વારા રાજ્ય સરકારની યોજનાકીય માહિતી આપી હતી. તેમજ રથમાં લગાવેલ એલ.ઇ.ડી.સ્ક્રીનમાં ગુજરાતના ૨૦ વર્ષની વિકાસ ગાથાનું ચલચિત્ર રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ આરોગ્ય, કૃષિ, પશુપાલન જેવી વિવિધ યોજનાઓ અંગેની વિશેષ માહિતી પણ આ ટુંકી ફિલ્મમાં આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં બાળ તદૂરસ્ત, વાનગી, કિશોરી એનિમિયા મુક્તજેવી હરિફાઈમાં વિજેતા બનેલી મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં શ્રમ અધિકારી શ્રી જે.એચ.સિંઘાવત, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી ચિંતન સુથાર, મેડિકલ ઓફિસર શ્રી ડૉ. અતુલ નાગર સહિત વિવિધ જિલ્લા કચેરીઓ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.